
સળંગ અંક ૮૯ ● જૂન ૨૦૧૪ કિંમત ₹ ૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન - દર માસની ૧૧ તારીખે

## બાલવામાં છઠ્ઠી
## બાળ-યુવા સત્સંગ શિબિર



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧




૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં મલાડ મુંબઈના મહિલા મંડળ દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે શ્રી નરનારાયણદેવ ની અન્નકૂટ આરતી ઉતારતાં અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ.મહારાજશ્રી અને યજમાન પરિવાર પ.પૂ.મોટા મહારાજશ્રીની આરતી ઉતારતાં તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા પૂ.મહંત સ્વામી. ૨.કલિવલેન્ડ મંદિરમાં દ્દઠ્ઠા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી.૩. જેક્શન મીસીસીપી અમેરિકા સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી ૪.સીડની મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરતાં પૂ.નિર્ગુણ સ્વામી અને સમૂહ આરતી ઉતારતા યજમાન પરિવાર. ૫. ઓકલેન્ડના આપણા ડૉ.અંજનાબેન કાન્તિભાઈ પટેલને બિઝનેસ વુમન ઓફ ધ ઈયર(QSM.) એવોર્ડ એનાયત થયો તે પ્રસંગની તસવીર. ૬. વિરાટનગર મંદિરમાં (બહેનોનું)પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૭. કલોલ નવ નિર્માણ મંદિરનું નિરીક્ષણ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૮ ● અંક : ૮૬

જૂન-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સુવાસીની ભાભી | ૦૬ |
| ૦૪. | ભગવાનના અર્ચાસ્વરૂપનું માહાત્મ્ય | ૦૮ |
| ૦૫. | પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૧૦ |
| ૦૬. | છઠ્ઠી બાળ સત્સંગ શિબિર - બાલવા | ૧૧ |
| ૦૭. | પ્રસાદીના પત્રોનું આચમન | ૧૩ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૨૧ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૩ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૪ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૭ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૮ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

અસહ્ય ઉનાળો ચાલું છે. આપણા ગુજરાતમાં અમુક વિસ્તારમાં ખૂબજ ગરમી પડે છે. જેમાં અમદાવાદ, ઈડર અને સુરેન્દ્રનગર જીલ્લામાં આ વર્ષે ખૂબજ ગરમી પડી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં આટલી ગરમી અનુભવાતી નથી. જેટલું પ્રદૂષણ ફેલાય છે તેટલું દરેકે પરિણામ ભોગવવું પડે છે. વૃક્ષોના જંગલોને માણસે સિમેન્ટ કોંક્રિટના જંગલો બનાવી દીધા છે. ગીરના સાવજોને પોતાનો વિસ્તાર છોડી બહાર ક્યારે આવવું પડે ? કુદરતે પ્રાણીઓ માટે જે સ્થળ નક્કી કર્યું છે ત્યાં જો માણસ રહેવા જાય તો બિચારા પ્રાણીઓને બીજો વિસ્તાર શોધવો પડે છે. વૃક્ષો જેટલા વધારે વાવીશું તેનું જીવની જેમ જતન કરીશું તો આવતા પાંચ દસ વરસમાં હરિયાળી ક્રાંતિ જોવા મળશે. ત્યાં વરસાદ પણ સારો થશે. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી દર વર્ષે ચોમાસામાં શ્રી સ્વા. બાગમાં, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અને આંબલીના નિવાસ સ્થાને અનેક છોડ, રોપા વવડાવે છે અને તેનું જતન પણ કાળજીપૂર્વક કરાવે છે. લાંબા પ્રવાસે ગયા હોય અને એકાદ વૃક્ષ સૂકાઈ ગયેલું કે પડી ગયેલું જુએ તો ખૂબજ દ્રવિત થઈ જાય છે. માટે દરેક હરિભક્તોએ આમાંથી પ્રેરણા લઈ આ વર્ષા ઋતુમાં જ ઓછામાં ઓછો એક છોડ વાવીને તેનું ખાતર-પાણી આપીને જતન કરવાનું ચાતુર્માસમાં વિશેષ નિયમ લેજો. તો આપણા ઈષ્ટદેવ અને ધર્મકુળ પણ રાજી થશે.

શ્રી નરનારાયણદેવ મહામહોત્સવની તડામાર તૈયારીઓ ચાલે છે. તેનું સ્થળ નક્કી થઈ ગયું છે. જેનો આ અંકમાં ઉલ્લેખ છે. તે પહેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નો ૪૨ મો પ્રાકટ્યોત્સવ પણ ધામધૂમથી ઉજવાશે.

આવા ઉત્સવો સમૈયાઓના દર્શન ગમે તેવા પાપી જીવને પણ થયા હશે અને તેના અંતકાળે યાદ આવે તો તેનું પણ રૂડું થાય છે. તો આપણે તો શ્રીહરિના આશ્રિતજન છીએ માટે આપણું તો નિશ્ચે કલ્યાણ થશે.

શ્રી નરનારાયણદેવ મહા મહોત્સવમાં આપ સૌ તન, મન, ધનની સેવા કરી મહામહોત્સવને દિપાવવા કટિબધ્ધ બનશો તેવો અમારો સૌહરિભક્તોને નમ્ર અનુરોધ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (મે-૨૦૧૪)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર (મૂળી દેશ) પધરામણી.
૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩-૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) ઠાકોરજીનો પાટોત્સવ - મહાભિષેક પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.
૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં મલાડ મુંબઈ સત્સંગી મહિલા મંડળ આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.
૬ શ્રી સ્વામિનારાયણ મંદિર જૂના ઘાટીલા (મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા વાસણા પાટોત્સવ પ્રસંગે પધરામણી. સાંજે રાપર ભુજ (કચ્છ) રતનપર ગામે કથા પ્રસંગે પધરામણી.
૮-૯ રતનપર (કચ્છ) શોભાયાત્રામાં પધાર્યા. બપોરે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપર (કચ્છ) પધરામણી.
૧૧ નેત્રામલી ગામે (ઈડર દેશ) પ.ભ. ડી.કે. પટેલને ત્યાં પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાત પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩ વિહાર ગામે કથા પ્રસંગે પધરામણી. સાંજે વાલી (રાજ.) પધરામણી.
૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજ.) કથા પારાયણ પ્રસંગે પધરામણી ત્યાંથી જીરાગઢ (હાલાર) પધાર્યા.
૧૫ જીરાગઢ (હાલાર-મૂળી દેશ) પધરામણી.
૧૬ ખોલડીયાદ (મૂળી દેશ) ગામે કથા પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે આયોજીત કથામાં પધાર્યા. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની બાપુનગર પાટોત્સવ પ્રસંગે આયોજીત કથા પ્રસંગે પધરામણી.
૧૮-૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું) ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ધમીજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ મેં ૨૦૧૪ થી ૭ જૂન-૨૦૧૪ વિદેશ ધર્મયાત્રા શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી વિહોકન અને શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડના પાટોત્સવ પ્રસંગે અને સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

# પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (મે-૨૦૧૪)



૬ શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ઠાકોરજીના પાટોત્સવ-અભિષેક પ્રસંગે પધરામણી.
૮-૯ બાલવા (ઉનાવા) ગામે સત્સંગ યુવા શિબિર પોતાના અધ્યક્ષસ્થાને યોજાઈ.
૧૭ સવારે શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની બાપુનગર મહાપૂજા પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરા (મોડાસા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો. સાંજે સોલા-ઘાટલોડિયા સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર પધરામણી. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૮ થી ૨ જૂન સર્વોપરીધામ છપૈયા અને અયોધ્યા દર્શનાર્થે પધાર્યા.

# સુવાસીની ભાભી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

કૌશલદેશના મધ્યમાં આવેલું છપિયાધામથી પશ્ચિમમાં ૪૦ કિલોમીટર દૂર તરગામ નામે ગામ આવેલું છે. ત્યાં સરયૂપારિ ઉત્તમ વર્ણના બ્રાહ્મણો રહે છે. ત્યાં મુનિ અવટંક દુબેના નામથી પ્રસિદ્ધ બલધિરામ દુબે નામે વિપ્ર તેમના ધર્મ પત્ની ઉદયબા નામે પવિત્ર પરિવાર ધર્મ રહે છે. તે બલધિરામ થકી ઉદયકુંવરમાં રેવતી દેવીના અંશથી ગર્ભ રહ્યો તેથી ઉદયમાતા ખૂબજ શોભવા લાગ્યાં. વિક્રમ સંવત ૧૮૨૧ આસો સુદ બીજ, પૂરવા નક્ષત્ર, સાયંકાળે પુત્રીનો જન્મ થયો. માતા પિતાએ જાતકર્માદિ સંસ્કારોથી પુત્રીને સમ્પન્ન કરી વિવિધ પ્રકારના દાન, જપ, યજ્ઞ, તર્પણાદિ સત્કર્મ કર્યું. ત્યાર પછી યથા સમયે પુત્રીનું નામ ''સુવાસીની'' રાખ્યું. બલધિરામ દુબેને પરિવારમાં ત્રણ પુત્રોને બે પુત્રી થયાં. પુત્રોના નામ - લક્ષ્મીરામ દુબે, ભવાનીદિન દુબે અને પ્રથિપાલ દુબે અને ગેંદા તથા સુવાસીની નામે પુત્રીઓ થઈ. પરિવારમાં સુવાસીની નાની પુત્રી છે. એટલે સહજ છે બાપને વધુ વહાલી હોય. સુવાસીના પવિત્ર પગલાંથી દુબે પરિવાર હર્યો ભર્યો યશ કીર્તિ ખૂબજ વધી. એટલે ગામના બધા જ કહેતા કે સુવાસીની માટે કોઈ મોટા ઘરનું માગણું આવશે. છપિયાપુરના તિવારી પરિવારની તરગામ સાથે દીકરીઓની ઘણી લેવડ દેવડ થઈ હતી એટલે તરગામ-છપિયાના લોકો એક બીજાથી નિકટથી પરિચિત હતા. સમયપર જ ધર્મદેવના મોટા પુત્ર અનંતના અંશથી પ્રગટ થયેલા રામપ્રતાપજીનાં સગપણ સહજમાં થયા. સંવત ૧૮૪૧ ના વર્ષમાં મહાવદી પાંચમ રવિવારના શુભ મંગળ સમયે વેદોક્ત વિધિસર સગા સંબંધીની ઉપસ્થિતિમાં મંગલ મંડપમાં લગ્ન વિધિ થઈ ત્યારે સૌને શુકનના ચિન્હોનો અનુભવ થયો. તે સમયે બલધિરામ અને ઉદયકુંવરબાએ સુવાસીની પુત્રીને વિદાય આપી તેની સાથે રથ, ઘોડા, સેવકો, દાસ દાસીઓની પહેરામણી કરી. બલધિરામ દુબેના મોટા ભાઈ લક્ષ્મણ દુબેએ પણ યથા શક્તિ રામપ્રતાપને પહેરામણી આપી. લગ્ન વિધિ સમયે ઘનશ્યામ મહારાજ ૪ વર્ષના જ હતા.

રામપ્રતાપ-સુવાસીનો સંસાર સંસ્કારો સંમ્પન્ન ધર્મ નિયમભક્તિ ભાવથી હર્યો ભર્યો હોવાથી ધર્મદેવ ભક્તિમાતાને માતા પિતા માનીને પુત્રવધુ હોવા છતાં દીકરા જેવો પ્રેમ આપ્યો. વળી સુવાસીનીનો દૈહિક સંબંધ રામપ્રતાપજી સાથે જોડાયો પરંતુ આત્માનો સંબંધ પરણીને ઘરે આવ્યા ત્યારથી નાના બાળ સ્વરૂપ ૫ વર્ષના શ્રી ઘનશ્યામ મહારાજમાં જોડાયો. સુવાસીનીના આગમનથી ભક્તિમાતાની સેવા ગ્રહણ ન કરતાં સુવાસીની ભાભીની સેવા અંગીકાર કરતાં. મહાપ્રભુનો સંકલ્પ અગાઉથી જાણી જઈને ભોજન, જળ, વસ્ત્ર, પદારથ આગળથી હાજર કરીને યશોદાજીએ શ્રીકૃષ્ણને જેમ વશ કર્યા તેમ સુવાસીનીએ શ્રી ઘનશ્યામને વશ કરી લીધા. ઘનશ્યામની સેવા અને પ્રસન્નતા એ જ પૂજા પાઠ માનીને અન્ય કોઈ કર્મમાં મનને જવા ન દેતાં. ભક્તિમાતા તથા જેતલપુરના ગંગામાની પ્રેમનું જેમ શબ્દોમાં કોઈ વર્ણન ના કરી શકે એમ સુવાસીની ભાભીના પ્રભુ પ્રત્યેના પ્રેમનો કોઈ તાગ લઈ શકે નહિ. કવિઓ લેખકો તો માત્ર અલ્પ કલ્પના કરીને રાજી થાય. એવી ઘનશ્યામ પ્રભુ અને ભાભીની સાધના હતી. નિત્ય પ્રાર્થના કરે કે મને પુત્ર ના આપતી ''ઘનશ્યામ'' ને પુત્ર માની મારું જીવન શણગારીશ. એ વિનંતી ઘનશ્યામ પ્રભુને મંજૂર ન હતી. કેમ કે સંપ્રદાયની ધર્મધુરંધરા સુવાસીના પુત્રને આપવાનું અક્ષરધામમાં નક્કી થયેલું હતું.

કોઈ અવસરમાં તરગામ પિયરમાં સુવાસીનીને જવાનું થયું તો ઘનશ્યામ પ્રભુનો વિરહ સહન ના કરી શકતા એકાદ-બે દિવસ રોકાઈને પરત આવી ગયા. ફરી જ્યારે આવશ્યક અનિવાર્ય પ્રસંગે પિયર જવાનું થાતું તો ઘનશ્યામ પ્રભુને સાથે લઈને જતાં. ભગવાન અને ભાભી સાથેના અનંત પરચાઓ શાસ્ત્રોમાં લખાયેલા છે. તેમાંના કેટલાક પ્રસંગોને સંક્ષેપમાં જોઈએ તો,

ભગવાનનાં માર્કન્ડઋષિએ જે નામો રાખ્યાં એમાં ભાભીને બહુ રસ ન હતો. ભગવાનનું નામ ઘનશ્યામ'' ભાભીએ રાખેલું એટલે ઘનશ્યામ કહીને જ બોલાવતા. પછી છપિયાવાસી જનો પણ ઘનશ્યામ કહીને બોલાવતા. માખણ, મીસરી, પેંડા, પતાસાં, દૂધ વિગેરે ભાભી લાડ કરીને આગ્રહપૂર્વક જમાડતાં.

ક્યારેક પ્રભુ રિસાઈ જતાં ત્યારે ભાભી મુખમાં પેંડો જમાડતી. ભાભીનો આત્મા પરમાત્મા સાથે જોડાઈ ગયો હોવાથી ગમતું ના ગમતું, રુચિ, અરુચિ, પ્રિય-અપ્રિય,

હર્ષ, શોક, પ્રસન્નતા, ઉદાસીનતા અગાઉથી ખબર પડી જતી. તો પણ લેશમાત્ર પ્રભુનો અભાવ ના આવે. કેટલીક વાતો ભક્તિમાતાની ના માને પણ ભાભી મનાવી દે.

આ ધર્મદાદાનો પરિવાર છે. ધર્મના સગાઓ તો ભાગવતમાં કહ્યા છે. સત્ય, દયા, તપ, વૈરાગ્ય, શૌચ, સંતોષ, જ્ઞાન, સહનશિલતા, પવિત્રતા, વિવેક, સંસ્કાર આવા તમામ સાધનોથી સમ્પન્ન ધર્મદેવનું ઘર. એવા ઘરમાં મહાપ્રભુ ઘર માનીને રહે છે.

એકવાર ગોમતી ગાયનું દૂધ ભગવાનને પીવડાવવાની ના પાડી તો ગાયે દૂધ આપવાનું બંધ કર્યું. જ્યારે ભૂલ સમજાણી ત્યારે દૂધ પીવડાવ્યું. બીજા દિવસથી ગોમતી ગાય દૂધનું જેટલું પાત્ર લઈને ભાભી દોવા જતી એ પાત્ર દુધથી ભરી દેતી.

અયોધ્યામાં એકવાર ઘનશ્યામ પ્રભુએ ભાભી પાસે જમવાનું માંગ્યું. ભાભી કહે, હમણાં તૈયાર કરું, તો પેંડા આપો, ભાભી કહે તો પેંડા ઘરમાં હોય એવી કન્યા પરણજો. પ્રભુ કહે પરણ્યા વગર જ નિત્ય પેંડા જમીશ. ભાભીનો પાલવ પકડી પ્રભુ એમ બોલ્યા ત્યારે મનમાં બહુ હસ્યાં. અને રસોઈ બનાવવામાં વ્યસ્ત થતાં ડબીમાંથી ભાભીની ભગવાનના જેવી પ્રિય વીંટી લઈને ઘરની સામે હલવાઈની દુકાને મિત્રોને ભેગા કરી વીંટીના બદલમાં મિત્રો સહિત મીઠાઈ જમી ઘેર આવી મહા પ્રભુ પોઢી ગયા. આખા પ્રસંગનો સારાંશ એજ કે મહાપ્રભુએ હલવાઈ પાસે જઈ મીઠાઈ અખૂટ કર્યાનો પરચો કરીને વીંટી પાછી લઈ હવે પછી વીંટીની વાતો ન કરવાની શરતે પરત આપી. તે દિવસ પછી ભાભીએ વીંટીના ગુણ ગાવાનું બંધ કર્યું. ગુણ તો ઘનશ્યામ પ્રભુના જ ગાવાનો નિશ્ચય કર્યો.

ભાભી આવ્યા પછી ઘનશ્યામ પ્રભુના જે ચૌલ સંસ્કાર, યજ્ઞોપવિત સંસ્કાર આદિ જે જે પ્રસંગો થયા તેમાં સુવાસીની ભાભીએ પ્રભુના શણગાર, વસ્ત્ર અલંકાર ધારણ કરાવવા તથા સગા સંબંધીઓને પરિચય કરાવવો વળી ભાભીને પૂછ્યા વિના ઘરની બહાર પગ ના મુક્તા. પ્રભુને ભૂખ લાગે તો ભાભીને અગાઉથી સંકેત થઈ આવતો.

શ્રીહરિ વનમાં પધાર્યા પછી વિરહની વેદના સહન ન થતાં મહાપ્રભુ ભાભીને નિત્ય દર્શન આપતા અને થાળ દિવ્ય રૂપે જમે પછી જ ભાભી જમતાં.

સંવત ૧૮૭૭ માં અયોધ્યાવાસી લોયા ગામે આવ્યા ત્યારે શ્રીહરિને શાક બનાવતા જોઈ ભાભી કહે અમારે ઘેર પાછા પધારો. આવો શ્રમ કેમ કરો છો ? ત્યાં હિંચકે બેસાડી જમાડશું.

શ્રીહરિની સાથે ધર્મકુળ જેટલા દિવસ રહે એટલા દિવસ પ્રભુ સુવાસીની ભાભીનો થાળ જમવા અયોધ્યા વાસીના ઉતારે પધારતા. સુવાસીની ભાભીની સ્વાદિષ્ટ રસોઈ જોઈને મૂળજી બ્રહ્મચારી પણ ભગવાનને બહુ ભાવે એવી વાનગીઓ બનાવી જમાડતા. ત્યારે શ્રીહરિ કહેતા કે ભાભીની રસોઈના જેવો સ્વાદ આવે છે. એમ કહીને યાદ કરતા.

અયોધ્યામાં એકવાર વરસાદથી ગારાવાળા ચરણને પ્રક્ષાલન કરતા ભાભીએ ચરણ તળે ચિન્હો જોઈ ઉંડા વિચારમાં ગરકાવ થતાં ભાભીએ કહ્યું કે, તમે મોટા ચક્રવર્તી રાજા થાઓ એવા ચિન્હો ચરણોમાં છે. ઘનશ્યામ પ્રભુ કહે મને જે સત્તા પદ અધિકાર મળશે તે તમારા પુત્રોને જ આપીશ જાઓ વચન આપુ છું. સાંભળીને ખૂબજ હસ્યાં. એ વચન શ્રીજી મહારાજે ધર્મવંશીને ગાદી આપીને સત્ય કર્યું.

શ્રીહરિ સ્વધામ પધાર્યા બાદ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી મૂળી મંદિરનું બાકી રહેલું કામ કરતાં કડીયા મીસ્ત્રીના પગારનું ચુકવણું ન થતાં કામ બંધ થયું ત્યારે સુવાસીની ભાભીએ પગાર ચુકવવા ચાંદીના પાંચ શેર વજનનાં પગના તોડા ચાર નંગ આપી દીધા. બ્રહ્માનંદ સ્વામીએ પ્રસાદીના તોડાને સાચવી રાખ્યા. પણ ત્યારથી તોડાના પ્રભાવે મૂળી મંદિરમાં ક્યારેય આર્થિક સંકટ આવ્યું નથી. સુવાસીની ભાભીએ ભગવાન સિવાય કોઈને વહાલા રાખ્યા નથી.

ભાભીનું શેષ જીવન મૂળી મંદિરમાં વ્યતિત થયું. મહારાજ સ્વધામ પધાર્યા પછી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને થાળ બનાવી નિત્ય જમાડતાં અને પ્રભુ પ્રત્યક્ષ મૂર્તિ સ્વરૂપે ભાભીનો થાળ જમતા. સુવાસીની ભાભીનો અક્ષરવાસ વિ.સં. ૧૮૯૮ શ્રાવણ સુદી - એકાદશીના મૂળીધામમાં થયો. સુવાસીની ભાભીના પ્રસાદીનાં ચાંદીનાં કડલા નંગ-૪ આજે મૂળી મંદિરની તિજોરીમાં સાચવી રાખ્યા છે. અક્ષરવાસી થયા ત્યારે ૭૭ વર્ષની ઉંમર હતી. રામપ્રતાપજી મહારાજના એક વર્ષ અગાઉ અક્ષરવાસી થયાં.

# ભગવાનના અર્ચાસ્વરૂપનું માહાત્મ્ય

- શાસ્ત્રી નિર્ગુણ સ્વામી (અમદાવાદ મંદિર - સંચાલક : શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા)

સાકાર પરમેશ્વરના સ્વરૂપની ઉપાસના કરતાં પોતાના એકાન્તિક ભક્તો માટે સ્વયં પરમાત્માએ જ પોતાના દિવ્ય સ્વરૂપોની ઓળખ સત્શાસ્ત્રો દ્વારા જગતના જીવ માત્રને થાય અને સરળતાથી સમજી શકાય તે રીતે વર્ણવેલ છે. તે ભગવત્સ્વરૂપોનું વર્ણન આ રીતે વિભાગ કરીને કરેલ છે. એક એવા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ જ - પર, વ્યુહ, વિભવ અને અર્ચા સ્વરૂપે જીવના આત્યન્તિક કલ્યાણ માટે દર્શન આપીને કૃપા કરે છે. તે વેદ, ઉપનિષદ આદિ આગમ શાસ્ત્ર ગ્રન્થોમાં આ રીતે વર્ણવેલ છે -

मम प्रकाराः पंचेति प्राहुर्वेदपारगाः ।

परो व्यहश्च विभवो नियन्ता सर्वदेहिनाम् ॥

अर्चावतारश्य तथा दयालुः पुरुषाकृतिः ।

इत्येतं पंचधा प्राहुः मां रहस्यविदो जनाः ॥

જીવના ઉપર અતિદયા કરીને મનુષ્યાકૃતિ અવતાર ધારણ કરે છે તેવી જ રીતે પરમાત્મા અર્ચાસ્વરૂપમાં (મૂર્તિમાં) પણ જીવ ઉપર અતિ દયા કરીને પ્રત્યક્ષ પ્રમાણ સ્વયં પરમાત્મા સદા વિરાજમાન રહે છે. આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ બહુજ સ્પષ્ટ પણે વચનામૃતોમાં કહેલ છે કે આ મૂર્તિને તમે ધાતુ કે પાષાણની મૂર્તિ ન માનતા તેમાં તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા પ્રત્યક્ષ અને પ્રગટ વિરાજમાન છે. તેમ સમજીને દર્શન કરશો સેવા કરશો તો તે પ્રત્યક્ષ સેવાનું ફળ પામશો. અર્થાત્ શાસ્ત્રીય નિયમ પ્રમાણે પ્રતિષ્ઠિત મૂર્તિમાં પણ જેમ મનુષ્યાકૃતિ ધારણ કરે ત્યારે જીવન્ત હોય છે. તેમ જ મૂર્તિમાં પણ સદા ભગવાન જીવન્ત જ હોય છે. તેમાં પણ ખાસ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે બાથમાં લઈને સ્વયં જે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય અથવા તેમના જ અપર સ્વરૂપ એવા ધર્મકુળોત્પન્ન ધર્મધુરંધર એવા આચાર્ય મહારાજશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તેમાં તો સદા જીવન્ત જ ભગવાન શ્રીહરિ વિરાજમાન હોય જ છે. આ દિવ્ય ભાવના સાથે જ આપણે તે મૂર્તિ એવા અર્ચા સ્વરૂપને આપણા સંપ્રદાયમાં વસ્ત્રો ધારણ કરાવીએ છીએ. આભૂષણો ધારણ કરાવીએ છીએ, અને વિવિધ પ્રકારના પકવાન બનાવીને જમાડીએ છીએ. પૂજા કરીએ છીએ, દંડવત પ્રણામ કરીએ છીએ.

આવી અનેકવિધ શ્રધ્ધાના કેન્દ્ર સ્વરૂપ એવી જે પ્રસાદીની પ્રતિમા જેને શાસ્ત્રોમાં અર્ચાસ્વરૂપ કહે છે. તે શ્રીહરિની પ્રસાદીની અને શ્રીહરિની જ મૂર્તિની સાથે આજના ભયાનક કળીયુગના ટેકનોલોજીના યુગમાં તેનો ઉપયોગ કરીને કોઈ આસુરી બુદ્ધિવાળા તે મૂર્તિની સાથે ચેડાં કરીને ચાલતા કરે કે બોલતાં કરે અથવા આંખો પટ-પટાવતાં કરે તે ભગવાન સાથે અને ભક્તોની શ્રદ્ધા સાથે ભયાનક ખેલવાડ કહેવાય, મોટામાં મોટો ભગવાનનો તેમાં દ્રોહ થાય છે. તેથી આવી રીતના કોઈપણ જગ્યાએ ટીખળો થતા હોય તો તેને ક્યારેય પણ ભગવાનના સાચા ભક્તોએ સ્વીકારવા નહી, અને તેને પ્રોત્સાહન મળે તેવું ભૂલે ચૂકે પણ કરવું નહી, કારણ કે કોઈપણ જીવતા માણસને તેની મરજી વિરૂદ્ધ તેનો કોઈ પણ પ્રકારનો ફોટો કે તેના બાવલાને ચિતરી કે કોતરી શકાતું નથી તેવો કાયદો અને કાનૂન છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને પુતળાનું એનિમેશન લોકો કરે છે. પણ કોઈના ફોટામાં એનિમેશન દ્વારા પણ વિકૃતિ કરી શકાય નહી, તેવી રીતે જ પ્રસાદીની મૂર્તિ એતો સાક્ષાત્ ભગવાન છે. તે મૂર્તિના ફોટાનું એનિમેશન દ્વારા વિકૃતિ પેદા કરવી તે તો ભગવાનનો દ્રોહ જ છે, મોબાઈલ કે નેટ ઉપર આવી વિકૃતિવાળી વિડીયો ક્લિપો કે ફોટાઓ કેટલાક અજ્ઞાની લોકો દ્વારા ફરતા થયેલા જોઈને આપણા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી ઘણાં જ નારાજ થયા છે. માટે સાવધાન થઈને ભગવાનને જો રાજી કરવા હોય તો આવી વિકૃતિ કરનારાને ક્યારેય ચલાવી લેવાય નહીં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના વાંગ્મય સ્વરૂપ એવી શ્રીશિક્ષાપત્રીમાં અર્ચાસ્વરૂપ અર્થાત્ મૂર્તિની નિત્ય પૂજા કરવાની આજ્ઞા કરેલ છે, તે મૂર્તિ શાસ્ત્રોમાં આઠ પ્રકારની હોય તેને પૂજવા યોગ્ય માનેલ છે, તેમ શતાનંદ મુનિએ પોતાના શિક્ષાપત્રી ભાષ્યમાં જણાવેલ છે. शैली दारुमयी लौही लेप्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाऽष्टविधा स्मृता ॥ આ રીતે શ્રીમદ્ ભાગવતમાં ભગવાન વેદવ્યાસજીએ કહેલ છે. શાસ્ત્રમાં જે વિધાન કરેલ હોય તે જ પ્રમાણે વર્તવાથી ભગવાનની પ્રસન્નતા થાય છે, પણ પોતાની બુદ્ધિથી મન ફાવે તેમ વર્તન કરવાથી ક્યારેય ભગવત્પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી. આ

આઠ પ્રકાર સિવાયની કોઈ પણ પ્રકારે કરીને બનાવેલ ભગવાનની મૂર્તિ માન્ય ગણાય નહી અને તેની પૂજા કરાય નહીં તેમજ પોતાના ઈષ્ટદેવની મૂર્તિને શો પીસ તરીકે પણ મૂકાય જ નહી. તે તો સૌથી મોટો અપરાધ થાય છે, વિશેષમાં ગૃહસ્થના ઘરમાં કેવી મૂર્તિ રાખવીને કેવી મૂર્તિ ન રાખવી તે પણ બહુજ સ્પષ્ટપણે શતાનંદ મુનિ શાસ્ત્રના પ્રમાણો આપીને જણાવે છે - **अंगुष्ठपर्वादारभ्य वितस्ति यावदेव तु । गृहेषु प्रतिमा कार्या नाधिका शस्यते बुधैः ॥** અર્થાત્ કહે છે - ડાહ્યા માણસોએ ક્યારેય નાનામાં નાની અંગુઠાના પર્વ જેવડી અને મોટામાં મોટી ચાર આંગળથી વધારે મોટી મૂર્તિ ગૃહસ્થોએ પોતાના ઘરમાં ક્યારેય મૂર્તિ ન રાખવી. ચિત્ર કે ફોટાનો કોઈ બાધ નથી, આ વાક્ય ભાર્ગવાર્ચનચંદ્રિકા નામના ગ્રન્થમાં તથા ભવિષ્યોત્તર પુરાણમાં વ્યાસજીએ લખેલ છે. અને વશિષ્ઠજી ભગવાન રામને ગૃહસ્થના ધર્મો સમજાવતા વસિષ્ઠસ્મૃતિમાં જણાવે છે - नंर्च्यं गृंहेऽशंम्ज्ं मूंर्दिश्चदुरागंदलदेंऽधिकं । न विदस्त्यधिकं धंदुसंम्भंवं श्रैंय इच्छद: ॥ અર્થાત્ - ગૃહસ્થાશ્રમીઓએ ધાતુ કે પાષાણની ભગવાનની મૂર્તિ પોતાના ઘરમાં જેને મોક્ષ મેળવવો હોય તેમણે ક્યારેય ચાર આંગળથી મોટી મૂર્તિ પોતાના ઘરમાં રાખવી નહી અને ઘરમાં પૂજવી નહી. આ શાસ્ત્રોના વચનને ઉલંઘન કરીને જો આપણે કંઈ પણ કરવા જઈએ તેમાં ઘણા પ્રકારના દોષો આવે છે. કારણ કે પૂજાવિધિમાં આવતા નિયમો પ્રમાણે જે મૂર્તિની પૂજા વિધિ શાસ્ત્રોમાં કહેલ હોય તે પ્રમાણે જ ભગવાનની પૂજા થાય તો ભગવાનની પ્રસન્નતા થાય છે. ચાર આંગળથી મોટી ભગવાનની મૂર્તિ હોય તો તેને દરરોજ મિષ્ટાન સહિત પાકો થાળ તાજો કરીને જમાડવા પડે અને રોજ સ્નાન (અભિષેક) કરાવવું પડે. પાંચ વખત આરતી કરવી પડે, સમયે સમયે જગાડવા અને પોઢાડવા પડે, અને ગૃહસ્થને કોઈ પણ પ્રકારનું સૂતક કે માસિક ધર્મનું વિઘ્ન આવે ત્યારે આ પ્રકારની સેવા પૂજા કરી ન શકાય ત્યારે ભગવાન અપૂજ્ય રાખ્યાનો મોટો દોષ લાગે જેથી અત્યાર સુધી જે કર્યું હોય ભજન ભક્તિ તે સર્વ નિષ્ફળ થઈ જાય છે, માટે સમજુ માણસોએ સાવધાન થઈને કોઈ પોતાના સ્વાર્થ માટે કે પ્રચાર કે વેચાણ વધારીને વ્યાપાર કરીને ધન કમાવવાની લાલચે ભગવાનનું રૂપાળુ સ્વરૂપ દેખાડીને ભટકાડી દેય તો પણ પોતાના ઘરમાં તે રાખવું ન જોઈએ.

## કહેવાતા ઓરિજનલ ફોટાનું સત્ય

કેટલાક લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ ફોટો કેમેરાથી પાડેલ ઓરિજનલ છે તેવો દુષ્પ્રચાર કરે છે. તે વિષયમાં ભક્તોએ ખાસ જાણવાની જરૂર છે. કારણ કે જાણકારી ન હોય તો ગમે તેવા માણસના ફોટાનું પૂજન થઈ જાય તો શ્રી શિક્ષાપત્રીની આજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય છે. જેથી ઈષ્ટદેવની નારાજગી આવી પડે છે. તે આજ્ઞા આ છે -

**कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवानृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥ श्रीशिक्षापत्री.**

ભગવાન અને ભગવાનના અવતાર સ્વરૂપનું ધ્યાન ભજન કે દર્શન કરવું પણ કોઈ ગમે તેવો બ્રહ્મવેત્તા કે સમર્થ ભક્ત હોય તો પણ તેનું ધ્યાન દર્શન કે પૂજા ન કરવી. આ રીતની શ્રીહરિની દિવ્ય આજ્ઞાના ઉલ્લંઘન રૂપ દોષ ન લાગે તે માટે સાવધાન રહેવું ખાસ જરૂરી છે. કારણ કે હમણા થોડા સમયથી એક વ્યક્તિનો ફોટો જે ભગવાન શ્રીસ્વામિનારાયણના જેવો જ વેષ પહેરીને તેઓશ્રીની જેવીજ અદામાં ખુરસી ઉપર બેસીને ફોટો પડાવીને મિડીયામાં ફરતો કરેલ છે. જે વાસ્તવિક ગુજરાતના સૌરાષ્ટ્ર વિભાગના ચુડારાણપુર ગામના એક દંભી માણસનો છે. જે ક્યારેક ખુરસી ઉપર કે ક્યારેક કોઈ મંદિરના પગથીયા ઉપર આગળ પોતાના મૂર્ખ શિષ્યોને બેસાડીને પડાવેલ છે. અને તેનો આ ફોટો ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઓરિજનલ કેમેરાથી પાડેલો છે. તેવો પ્રચાર કરીને સાચા ભક્તોને ગુમરાહ કરે છે. આ વાત શક્ય જ નથી. કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અન્તર્ધાન થયા તે સંવત ૧૮૮૬ ને જેષ્ઠ સુદ-૧૦ તારીખ ૩૦ જૂન ૧૮૩૦ ને મંગળવાર હતો. અને દુનિયામાં કેમેરાની શોધ ત્યાર પછી ૧૬ સોળ વર્ષ બાદ એટલે કે ઈ.સ. ૧૮૪૬ માં જર્મન દેશમાં થઈ છે. ત્યાર પછી ફોટાઓ પડતા થયા છે. તે આજના ટેકનોલોજીના યુગમાં કંઈ અજાણ્યુ રહી શકે તેમનથી. જેને સત્ય વાત જાણવી હોય તે ગુગલમાં સર્ચ કરીને કેમેરાનો ઈતિહાસ તપાસી શકે છે. માટે કોઈને પણ કોઈ વ્યક્તિએ અજાણતા આ દંભીનો ફોટો ભટકાડી દીધો હોય તો વહેલી તકે ઘરમાંથી કાઢી નાખવો જોઈએ. અને તેને ભગવાનનો ફોટો જાણીને સિંહાસનમાં તો ન જ રખાય પણ ઘરમાં પણ આવા ખોટા વ્યક્તિનો ફોટો તો ન જ રખાય.

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી નિર્ગુણદાસના જયશ્રી સ્વામિનારાયણ.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વચનમાંથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**છઠ્ઠી બાળ શિબિર પ્રસંગે બાલવા ગામે તા. ૯-૫-૨૦૧૪ :** પ્રથમ તો આવી ગરમીમાં તમે સૌ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છો એ માટે ખૂબ ધન્યવાદ. આપણે બધા સત્સંગી છીએ. સત્સંગ એટલે શું ? તો સત્ એવા ભગવાન સત્પુરુષો અને સત્શાસ્ત્રોનું સેવન, તેનો સંગ તેનું નામ સત્સંગ. સત્પુરુષો કેવા હોય તો દયા તથા ક્ષમા વાળા, શાંત, સરળ તથા સંતોષી સ્વભાવવાળા, જેને ક્રોધ, લોભ અને ઈર્ષા નથી. જેઓ માન-અપમાન કે સુખ દુઃખમાં પણ સમાન સ્થિતિવાળા હોય. ધીરજવાળા હોય, જેઓ કોઈની સાથે વૈર રાખતા નથી. તેમજ પોતે નિર્ભય છે અને અપેક્ષા વગરના છે. ભગવાન અર્થે જ જેમની સઘળી ક્રિયાઓ છે. તથા જેઓ ભગવાનના દ્રઢ આશ્રયવાળા છે. તો આવા સત્પુરુષોનો સંતોનો તમને સંગ પ્રાપ્ત થયો છે. છતાં શિબિરના દિવસે જ કેટલાક બાળકો અને સાથે સંચાલકો પણ ગલ્લે ઉભા રહીને વેફર વગેરે પડીકા તોડીને ખાતા હતા. તેમજ થમ્સઅપ જેવા ઠંડા પીણા પીતા હતા. સંતો કહેતા હતા કે અહીં શિબિરમાં સૌને લાડવા જમાડવામાં આવે છે. તરબૂચ તથા શેરડીનો રસ આપવામાં આવે છે. તેમ છતાં તમે સત્સંગીને ન શોભે તેવું ગલ્લે ઉભા રહીને ખાઓ-પીઓ તે જાણી અમને પણ દુઃખ થયું. તો બાળકોને તથા ખાસ કરીને સંચાલકોને અમારી ભલામણ છે કે હવેથી આવું ન કરતા. આપણે ધારેલી સંખ્યા કરતા પણ શિબિરમાં બાળકો ઘણા વધારે આવ્યા. એ બહુ આનંદની વાત છે કે એટલો વધારે સંખ્યામાં બાળકોને સત્સંગ થશે. શ્રી નરનારાયણદેવના પ્રતાપે આ બધું થતું હોય છે. માટે આપણે તો શ્રી નરનારાયણદેવનો જ એક દ્રઢ આશરો રાખવો.

બીજું ખાસ ભક્ત બનીએ તે સાથે સાથે પ્રથમ એક સારા માણસ પણ બનીએ. કારણ કે જો ૧૦ માળા ભગવાનની મૂર્તિમાં એકાગ્ર ચિત્ત વિના અને ભાવ વિનાની ફરતી હશે તો તેના કરતા એક ભિક્ષુકને એવા જરૂરિયાતવાળા કોઈપણ માણસને એક ગ્લાસ ઠંડું પાણી પીવડાવીએ તો પણ તેનું અધિક પુણ્ય મળે છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. એટલે સત્સંગ-ભક્તિ યંત્રવત ન બનાવતા ખૂબ પ્રેમથી-ભાવથી કરવું. આટલું કહી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.



ત્યારબાદ પ્રશ્નોતરીના ટાઈમે પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીને સાંભળવાનો થોડો વધારે લ્હાવો પ્રાપ્ત થયો. એક બાળકે પૂછ્યું કે તમે ભણતા ભણતા પણ આવી શિબિરમાં ટાઈમ કેવી રીતે ફાળવી શકો છો ? ત્યારે પૂ.લાલજી મહારાજશ્રીએ કહ્યું કે, તમે જેમ સ્કુલેથી આવીને શિક્ષકે આપેલું હોમવર્ક કરો છો એમ અમારા માટે આ સત્સંગનું હોમવર્ક છે. શ્રી નરનારાયણદેવની કૃપા, અમારા પૂ. બાપુજી આદિક પરિવારજનોએ અમને આપેલા સંસ્કારો અને સંતો,ભક્તોના આશીર્વાદથી આ પ્રકારના કામ અમે સુખેથી ટાઈમ ફાળવીને કરી શકીએ છીએ.

બીજા એક બાળકે પ્રશ્ન કર્યો કે તમારી પાછળ ઉભા એ કોણ છે ? પૂ. લાલજી મહારાજશ્રીએ હાસ્ય સાથે જવાબ આપ્યો કે તેઓ અમારા પાર્ષદ છે અને ભગતની સંજ્ઞાથી સંબોધાય છે. આજે આ છે તો કાલે બીજા પણ હોય. દરેક પાર્ષદો અમારા નિવાસ સ્થાને પણ સેવા કરે છે. પ્રશ્નોતરીમાં ઘણા બાળકોએ ખૂબજ સુંદર પ્રશ્નો પૂછ્યા હતા અને ઉપસ્થિત વિદ્વાન સંતોએ તેના ખૂબજ સંતોષકારક જવાબો આપ્યા હતા.

# છઠ્ઠી બાળ સત્સંગ શિબિર - બાલવા

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત સત્સંગ સમાજ**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીના માર્ગદર્શનથી છઠ્ઠી બાળ સત્સંગ શિબિરનું આયોજન બાલવા મુકામે કરવામાં કરવામાં આવ્યું. જેમાં કુલ સાત ઝોન પાડીને આશરે ૧૫૦ થી વધુ ગામોમાં રૂબરૂ સંપર્ક કરીને જરૂરી ફોર્મ, બેનર, માર્ગદર્શન આપીને શિબિરના પ્રચારના શ્રી ગણશ કર્યા.

ટૂંકજ સમયમાં ગામો ગામથી પોસ્ટમાં કવરો, મનીઓર્ડર, કુરિયર, ઈમેઈલ તથા ફોન દ્વારા શિબિરાર્થીઓની સંખ્યાની નોંધણી શરૂ થઈ. પરંતુ જે દિવસે શિબિરનું ઉદ્‌ઘાટન હતું તે દિવસે બીજા નવા ગામો જોડાયા. જેથી શિબિરાર્થીની કુલ સંખ્યા ૧૯૫૦ જેટલી થઈ ગઈ. આટલી બધી સંખ્યા જોઈ આયોજકો આશ્ચર્યમાં પડી ગયા!

તમામ બાળકો નાસ્તો કરી ટી-શર્ટ-કેપ, કિટબેગ લઈ સભામાં ગોઠવાયા. ત્યાં તો ઢોલ-ગનારા વાગવા માંડ્યા ! બાળકોના હૃદય સમ્રાટ લાડીલા લાલ પ.પૂ. લાલજી મહારાજશ્રી, સંત પાર્ષદો સાથે પધાર્યાને દિપ પ્રાગટ્ય કરી સમગ્ર શિબિરને ખુલ્લી મુકી. જેમાં વડીલ સંતો સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી તથા સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી પણ જોડાયા.

**પ્રથમ દિવસ**ના પ્રથમ સેશનની શરૂઆત પ્રાર્થનાથી થઈ. બધા જ બાળકો જગ્યા ઉપર ઉભા થઈને ''નમન હું કરું વિશ્વપાળને કરગરી કહું ભક્તિબાળને'' શબ્દોથી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. વાવોલ બાળ મંડળના બાળકો દ્વારા સ્વાગત નૃત્ય રજુ કરાયું. સમગ્ર શિબિરાર્થીઓ વતી શ્રી કેવિન ચૌધરી (બાલવા) દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું. ત્યારબાદ મંગળ ઉદ્‌ઘાટન પ્રસંગે તમામ શિબિરાર્થીઓને કેસર પેંડાનો પ્રસાદ સંતના હાથે આરોગવાનો અમૂલ્ય અવસર સાંપડ્યો. ત્યારબાદ જુદાં જુદાં સાત ઝોનમાંથી પ્રથમ રજીસ્ટ્રેશન થયેલ ગામમાંથી સંચાલકો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું. સંતોનું પૂજન મુખ્ય દાતાશ્રીઓએ કર્યું.

મંગલ ઉદ્‌બોધન વડીલ સંતોએ કર્યું. જેમાં કહ્યું કે જીંદગી એવી રીતે જીવવી કે વ્યસનમાત્રનો ત્યાગ કરી જીવનમાં સત્સંગ મુખ્ય રહે. સત્સંગ એજ આપણો શ્વાસ છે. શિબિરનું પ્રથમ પ્રવચન ઈડરવાળા પી.પી. સ્વામીએ કર્યું. જેનો વિષય 'સત્સંગ કેમ' ? જેમાં રમૂજી વાર્તાઓ દ્વારા બાળકોને જ્ઞાન પીરસ્યું, આ પ્રસંગે પધારેલા માણસાના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરીનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સંચાલકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

બપોરે જમ્યા પછી વ્યાયામ શિક્ષક શ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા ઈનડોર ગેમ કોથળા દોડ શરૂ થઈ. જેમાં કુલ ૯૦ ગામોએ ભાગ લીધો. તેમાં વિજેતા ટીમને તત્કાળ ઈનામ આપવામાં આવ્યું.

બપોરે ૪-૦૦ વાગે તમામ શિબિરાર્થીઓ સરદાર વલ્લભભાઈ પટેલ વ્યસનમુક્તિ કેન્દ્ર - અમદાવાદ તથા ગુજરાત નશાબંધી મંડળ - અમદાવાદના સહયોગથી એક ભવ્ય મહારેલીનું આયોજન કરવામાં આવ્યું. સાથે સાથે પ્રસાદીના સ્થાનોની મુલાકાત પણ લીધી. બાલવાથી ઉનાવા પદયાત્રામાં તમામ ૨૦૦૦ બાળકોની ભવ્ય રેલી દર્શનીય તથા આકર્ષણનું કેન્દ્ર બની. ઉનાવા ગામની ભાગોળે મંદિરના મહંતશ્રી સ.ગુ. ભક્તિકેશવદાસજી તથા સમસ્ત ગ્રામજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું અને ઢોલ-નગારાની રમઝટ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી, સંતો તથા શિબિરાર્થીઓ ચાલતા મંદિરે પધાર્યા ત્યાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દેવોની આરતી ઉતારી અને પ્રાસંગિક સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કહ્યું જે જીવનમાં સત્સંગ મુખ્ય રાખવો અને વ્યસનથી દૂર રહેવું. વ્યસનમુક્તિ ઉપર સુંદર પ્રવચન પટેલ તત્વમે (ઉનાવા) કર્યું. ઉનાવાના યુવાનોએ તન, મન, ધનથી શિબિરાર્થીઓની સંભાળ લીધી.

રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત અપ્પુરાજા (કલોલ)ના મેજીક શો થી થઈ. સાથે સાથે જુદા જુદા

ગામના નવ મંડળો જેવા કે ઝુંડાલ, વાવોલ, બાલવા, ઉંઝા, ટાંકીયા, લિમ્બોદ્રા, કલોલ દ્વારા સુંદર નૃત્ય, નાટક, આજની જરૂરિયાત બાળચરિત્રોની વાર્તા રજૂ કરાઈ, ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર શ્રી ઋષિકેષભાઈ ત્રિવેદી દ્વારા પેટ પકડીને બાળકોને હસાવ્યા. અંતમાં અગાઉની શિબિરોના સંસ્મરણોની એક ઝલકનું પ્રોજેકટ દ્વારા પ.ભ. જયદિપ તથા હિરેનના સંકલનથી બતાવવામાં આવ્યો.

**બીજા દિવસે** પ્રાતઃ કાળે કાલુપુર મંદિરના સહયોગથી મળેલ પૂજા પેટી, કંઠી, તિલક, ચાંદલાની ડબ્બી, ચંદનની ગોટીનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ તમામ બાળકો પ્રભાતફેરીમાં જોડાયા, ઢોલ-નગારા સાથે સવારે ૫-૩૦ વાગે ભવ્ય પ્રભાતફેરી સમગ્ર બાલવા ગામના મુખ્ય માર્ગેથી ''સ્વામિનારાયણ'' મહામંત્રના નાદ સાથે નીકળી પરત શિબિર સ્થળે પહોંચી, નવી ૨૦૦ પૂજાપેટી લેનારને તથા પૂજા કરનાર તમામ બાળકોને પ્રેકિટકલ પૂજાવિધિ શિખવાડવામાં આવી. આ બંને કાર્યક્રમનું સુંદર આયોજન બાપુનગર (એપ્રોચ)ના સંતો સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સાધુ મહાપુરુષદાસજીએ કર્યું, પૂજા કરનાર તમામ બાળકોને પૂજાવિધિની પુસ્તિકા ભેટ આપવામાં આવી.

બીજા દિવસના પ્રથમ સેશનનાં બાળમંડળના બાળકના દિનચર્યા વિષય પર સુંદર માનનીય પ્રવચન પ.ભ. શ્રી ચિંતનભાઈ કંસારા (વિસનગર)એ કર્યું, આમંત્રણને માન આપી પધારેલ શ્રી ગોરધનભાઈ સીતાપરા (શ્રી સ્વામિનારાયણ માસિકના લેખક) દ્વારા શ્રીહરિનું પ્રગટપણું વિષય પર સચોટ સિધ્ધાંત વાતો રજુ કરાઈ. ત્યારબાદ હેપ્પી લાઈફ મેનેજમેન્ટના ડાયરેકટર શ્રી નિલેશભાઈ પટેલ દ્વારા સુંદર જીવન ઉપયોગી વાર્તાલાપ રજુ કરાયો. જેમાં બાળકોને ખૂબ મજા આવી. સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થયું. (અત્રે આપેલા આશીર્વાદ આ અંકમાં અલગ પ્રકાશિત થયા છે.)

પછીના સેશનમાં માણસાના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ શ્રી નરનારાયણદેવ ઉપર સુંદર સચોટ અને ચોટદાર રજૂઆત કરી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી બાળકોની જીજ્ઞાસાને સંતોષવા માટે પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ઘણા બધા બાળકોએ પ્રશ્નો પૂછ્યા. તેના જવાબો પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ આપ્યા.

ભોજનબાદ આઉટ ડોર ગેમમાં રસ્સાખેંચનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઘણા ગામોએ ભાગ લીધો. જેમાં બાલવા ગામની ટીપ ચેમ્પિયન બની. સાથે સાથે ગોયેન્કા હોસ્પિટલ દ્વારા ૩૦ જેટલા બાળકોએ ફ્રી દાંતની ચકાસણી કરાવી.

બપોર પછીના સેશનમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર વિષય પર સુંદર પ્રવચન સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજી (નારાયણપુરા) દ્વારા રજુ કરાયું. ત્યારબાદ સમાપન સમારંભ કાર્યક્રમમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા. અને આશીર્વાદ આપતા કહ્યું જે ''આગામી શિબિર શ્રીહરિના જન્મ સ્થાન છપૈયા મુકામે થશે. ત્યાંતો તાલીઓના ગડગડાટથી આખી સભા ગાજી ઉઠી. તમો બે હજાર બાળકો નવી પેઢીના સત્સંગના ચમકતા સૂર્ય સમાન છો. માટે દરેક પ્રત્યે લાગણી, આદર અને દયાભાવ રાખજો અને આવા દયાળું ભગવાન મળ્યા છે તો સત્સંગ વધારવાની મહેનત કરજો.

ત્યારબાદ શિબિરને સફળ બનાવવા જેમનું આર્થિક યોગદાન છે તેવા દાતાશ્રીઓનું ગિફટ સન્માનપત્રક અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા. તેમજ સંચાલકોને ગિફટ બેગનું વિતરણ કરવામાં આવ્યું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉતારાના યજમાન પદે પ.ભ. શ્રી વિષ્ણુભાઈ સેંધાભાઈ ચૌધરીએ લાભ લીધો. શિબિરમાં જુદા જુદા ધામોથી જેવા કે અમદાવાદ, જેતલપુર, ગાંધીનગર, મહેસાણા, માણસા, જયપુર, આબુ, ઈડર, વડનગર, સિધ્ધપુર, ઉનાવા, નારાયણપુરા, ભૂજથી સંતોએ પધારી શિબિરાર્થીઓને દર્શન પ્રવચનનો લાભ આપ્યો. છેવટે શિબિરમાં સહયોગી સંસ્થાઓ તથા બાલવા ગામના તમામ યુવાન મિત્રોની તનતોડ મહેનત ભૂલાય તેમ નથી, સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરનાર પ.ભ. રાજુભાઈ ડી. (www. livevisiter.com)ની સેવા બિરદાવવા જેવી રહી. તેમજ મંડપની - લાઈટની - ફુવારાની - વિડિયોની - મિનરલ પાણીની સેવા નોંધનીય રહી. સમગ્ર શિબિરનું સભા સંચાલન સ.ગુ. શાસ્ત્રી યજ્ઞપ્રકાશદાસજી સ્વામીએ પોતાની આગવી શૈલીમાં કર્યું.

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

મૂળપત્ર : સ્વસ્તિ શ્રીમતિ લક્ષ્મીપુરે મહાશુભ સ્થાને બિરાજમાન ઉત્તમોત્તમ પરમપૂજ્યપાદ ધર્મવંશભૂષણ આચાર્યપ્રવર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી હરિકૃષ્ણ મહારાજ એતાન શ્રી વરતાલથી લિ. સાધુ ગોપાળાનંદના સાષ્ટાંગ પ્રણામસહસ્ર સેવામાં અંગીકાર કરજો. અપરંચ લખવા કારણ એમ છે જે અમારે તો દોલોત્સવ કરીને તુરંત અમદાવાદ આવવાનો વિચાર હતો. તથાપિ અમે આવ્યા મોરથી જ ડુંગરપુરથી મૂર્તિઓ આવી તારે આનંદ સ્વામીએ તથા અક્ષરાનંદ સ્વામીએ ગઢડે રઘુવીરજી ઉપર કાગળ લખ્યો તો. પછે એમનો સમાચાર પત્ર આવ્યો જે અમારે ફાગણ વદી-૧૧ ને દિવસ વરતાલે મૂર્તિ પધરાવવી છે માટે ગોપાળાનંદ સ્વામીને વરતાલે રાખજ્યો. પછે એ સમાચાર અમે સાંભળ્યા ને અમને આનંદ સ્વામીએ અક્ષરાનંદ સ્વામીએ ઘણી તાણ કરીને કહ્યું જે તમારે તો હવે અહીં રહેવું જોઈશે. કેમ જે, ધોળકે મૂર્તિ પધરાવે છે તે તો શ્રીજી મહારાજે હાથે સ્પર્શ કરીને આવેલી છે ને આ મૂર્તિતો નવી છે તેનું સ્થાપન કરવું છે તેમાં તમારે રયું જોઈએ. ને રઘુવીરજીને તથા નિત્યાનંદ સ્વામીને પણ અમને રાખ્યાની ઘણી તાણ જણાણી તે સારુ અમે અત્ર રહ્યા છૈયે. તે એકાદશીને દિવસ પ્રતિષ્ઠા કરીને દ્વાદશીને દિવસ અત્રથી નિકલસું તે તમારે ત્યાં આવશું ને જેમ તમે કહેશો તેમ કરશું. બીજું ભાઈશ્રી રામપ્રતાપજી મહારાજને મારા ઘણે માને પ્રણામ કેજો તથા સર્વજ્ઞાનંદ સ્વામિ આદિ સાધુને અમારા નારાયણ કેજો ॥ સંવત ૧૮૮૭ ના ફાગણ વદી-૨ લેખક શુકમુનિના સાષ્ટાંગ પ્રણામ સેવામાં કબુલ કરજો ॥

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી હરિકૃષ્ણજી મહારાજને પત્ર પહોંચે. શ્રી અમદાવાદનો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર અંતર્ધાન થયા પછી લગભગ ૯ માસે લખાયેલો આ પત્ર છે. પત્રના હસ્તાક્ષરો સ.ગુ. શ્રી શુકાનંદમુનિના છે. લખાવનાર સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી છે અને પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ઉદ્દેશીને આ પત્ર લખાવેલો છે.

શ્રીહરિએ જ્યારે સ્વધામ ગમન કર્યું ત્યારે સ.ગુ. શ્રીગોપાળાનંદ સ્વામીને બંને દેશોમાં મોટેરા સ્થાપીને બંને ધર્મવંશી આચાર્યોની સારસંભાળ રાખવાની તેમને ભલામણ કરેલ. પોતે તો યોગેશ્વર ઐશ્વર્યમૂર્તિ હતા તેમ છતાં પત્ર ઉપરથી તેઓશ્રીની વિનમ્રતા કેટલી ઊંચી હતી તે જણાઈ આવે છે. બંને ધર્મવંશી આચાર્યો ઉંમરમાં તેઓશ્રી કરતાં ઘણી નાની વયના હતા. પોતે શ્રીહરિના એક મોટેરા ત્યાગી હતા તેમ છતાં સંપ્રદાયના શ્રીજી સ્થાપિત આચાર્યશ્રીઓ પ્રતિ અનહદ પ્રેમ-લાગણી-માન ધરાવતા હતા. આચાર્યશ્રીની આજ્ઞાને શિરોમાન્ય કરતા.

પત્રની શરૂઆતમાં જ પરમપૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને માટે વાપરેલાં યથાયોગ્ય વિશેષણો બંને મહાનુભાવોની મહાનતા દર્શાવે છે. ઉત્તમોત્તમ અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ, ગુણે કરીને, વ્યવહારે કરીને, વર્તને કરીને, શ્રીજી આજ્ઞાના પાલન અર્થે ઈત્યાદિક સર્વે શુભ કાર્યોમાં સર્વશ્રેષ્ઠ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી હતા તેવું તેઓ મન-કર્મ-વચને માનતા. પરમપૂજ્યપાદ અર્થાત્ જેના ચરણારવિંદ પૂજ્ય જ નહિ પરંતુ પરમ પૂજ્ય છે તેવા આચાર્ય મહારાજશ્રી જેને સ્વયં શ્રીહરિએ પોતાના પુત્ર તરીકે પસંદ કર્યા હોય તેની પવિત્રતા અતિ ઉત્તમ જ હોય. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તો સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. એક સિધ્ધહસ્ત લેખક હતા. તેઓશ્રી જ્યારે કંઈ પણ લખે-લખાવે ત્યારે તે નિરર્થક ન હોય, પણ ખૂબજ અર્થ ગંભીર હોય. ત્રીજા વિશેષણ તરીકે તેઓ 'ધર્મવંશભૂષણ' શબ્દ વાપરે છે. અર્થાત્ ધર્મદેવના કુળમાં ભગવાન શ્રીહરિએ જન્મ ધારણ કર્યો અને તેઓએ અયોધ્યાપ્રસાદજી મહારાજને પુત્ર તરીકે સ્વીકાર્યા અને સંપ્રદાયના સૌ પ્રથમ આચાર્યપદે સ્થાપ્યા તે ત્યારથી જ તેઓ ધર્મવંશના આભૂષણ સમાન સ્થાપિત થયા. ભગવાન શ્રીહરિના ધર્મવંશકુળને આગળ વધારવાની જવાબદારી શ્રીહરિએ તેમને સોંપી તેથી તેઓ ધર્મવંશભૂષણ કહેવાયા અને ચોથા વિશેષણમાં 'આચાર્યપ્રવર' શબ્દ દર્શાવે છે કે તેઓશ્રી આદિ આચાર્ય છે. સર્વે આચાર્યોમાં પણ અતિશ્રેષ્ઠ અને મૂળ છે. હરિભક્તે માત્રે એ સમજવું કે, ઘણા અજ્ઞાની જીવો પોતાની આગળ પોતાની જાતે જ સારાં સારાં વિશેષણો લગાડી દે છે, ઘણા પૈસા આપીને લખાવી દે છે તે બધું ક્ષુલ્લક માનવીના મોહ માન અર્થે છે પણ પાત્રતા ન હોવાથી ઉપરથી ગરિમામાં ઘટાડો કરે છે. અહીં તો સમર્થ સંતવર્ય ઐશ્વર્યમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પોતે

આ બધું લખાવે છે તે જેના માટે લખાવે છે તેની મહત્તા મહાત્મ્ય આપણે સમજવું.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામિ આ પત્ર વરતાલથી લખાવે છે. તેઓશ્રી ઘણું ખરું વરતાલ રહેતા. આજે પણ તેઓશ્રીનું આસન વરતાલની પવિત્ર સાધુ જાયગામાં છે. આ મહાન સંત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને પોતાના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ અંગીકાર કરવાનું કહે છે ! અને તે પણ સહસ્ત્ર ! નિર્માનીતાની આ મૂર્તિનો જોટો જડવો મુશ્કેલ છે. પોતે અવતારો જેટલી સામર્થીએ યુક્ત હોવા છતાં એક માત્ર શ્રીજી આજ્ઞા અનુસારે, ધર્મવંશી આચાર્યશ્રીની કેટલી આમન્યા જાળવે છે ! પોતે ત્યાગી-ગૃહીમાં સર્વશ્રેષ્ઠ સ્થાપિત થયા હોવા છતાં પણ, જનહિતાર્થે, લોકસંગ્રહાર્થે કેમ વર્તાય, કેમ આજ્ઞા પળાય તેનો ઉત્તમ નમૂનો આ પત્રમાં છે.

પત્ર વાંચતા એવું જણાય છે જે, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ, ધોળકા મંદિરમાં ભગવદ્ પ્રતિમાની પ્રતિષ્ઠા માટે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને આમંત્રણ આપીને અમદાવાદ તેડાવ્યા હશે પરંતુ સંજોગોવશાત્ સ્વામી આ આમંત્રણનો સ્વીકાર કરે તે પહેલાં જ, વરતાલમાં પધરાવવા માટે જરૂરી મૂર્તિ ડુંગરપુરથી આવી ગઈ તેથી અક્ષરાનંદ સ્વામી કે જે વડતાલ મંદિરના આદિ મહંત હતા, તેમણે અને આનંદાનંદ સ્વામીએ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ એ સમયે ગઢડામાં બિરાજમાન હતા તેમને આ મૂર્તિઓના સમાચાર આપ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિરોની રચના કરી તેના મુખ્ય દેવોની સ્થાપના - પ્રતિષ્ઠા કરી અને તેમના સ્વધામગમન બાદ પણ જે તે મંદિરોના અધૂરાં કાર્યોની પૂર્તિનું કામ કરી, તે મંદિરોના અન્ય ડેરાઓમાં શ્રીજી આજ્ઞા પ્રમાણે અન્ય મૂર્તિઓની પ્રતિષ્ઠાનું કાર્ય ધર્મવંશી આચાર્યશ્રીઓએ પૂર્ણ કર્યા છે. આમ વરતાલે મૂર્તિઓ આવી ગઈ તે જાણી પ.પૂ.ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજે ગઢડેથી સંદેશો પાઠવ્યો કે ગોપાળાનંદ સ્વામીને વરતાલે રાખજ્યો કેમ કે વરતાલમાં મૂર્તિ પધરાવવાની છે. પોતાના આચાર્યશ્રીનો આ સંદેશો વાંચી અક્ષરાનંદ તથા આનંદાનંદ સ્વામીએ, ગોપાળાનંદ સ્વામીને વરતાલમાં રોકાઈ જવા ખૂબજ આગ્રહ-આજીજી કરી અને વળી એમ પણ કહ્યું કે, જે ધોળકે જે પ્રતિષ્ઠા કરવાની છે તે મૂર્તિ તો શ્રીજીના હાથનો સ્પર્શ પામેલી છે. અને તેથી પ્રસાદીની છે. જ્યારે વરતાલમાં પધરાવવાની મૂર્તિ તો નવી છે. તેથી આપ અહીં રહો તો વધુ સારું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પધરાવેલી મૂર્તિઓ તો અતિ ચમત્કારી છે જ એટલું જ નહિ પણ તેમના હાથનો સ્પર્શ પામેલી, તેમણે સેવેલી-પૂજેલી મૂર્તિઓ પણ એવી જ પ્રભાવશાળી અને ચમત્કારિક છે. શ્રીહરિએ બનાવેલા આ મંદિરો આ કળિકાળમાં, મુમુક્ષુઓ માટે આત્યંતિક કલ્યાણની પરબો છે, સંસ્કાર સિંચનની શાળાઓ છે, સારા સત્સંગીઓ અને ઉત્તમ નાગરિકો બનાવવાની પાઠશાળાઓ છે, નિત્યે કથા વાર્તાના અખાડા અને ભગવદ્ વાર્તાઓ તન-મનને શાંતિ આપનારાં સ્થાનકો છે. શ્રધ્ધા, રાખીને આ મંદિરોમાં દર્શન કરનાર, સેવા કરનાર અચૂકપણે અક્ષય પુણ્યને પામે છે તેવો આ મૂર્તિઓનો પ્રતાપ છે. કારણ કે તે પ્રતિમાઓ ધાતુ-પાષણની માત્ર નિર્જીવ પ્રતિમાઓ નહિ પણ સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપો છે. જે સ્વરૂપોનું સ્થાપન-પ્રતિષ્ઠા શ્રીહરિએ પોતે કરી હોય કે તેમના સ્થાપેલા ધર્મવંશી આચાર્યોએ કરેલી હોય તેમાં શ્રીહરિનો અચૂક નિરંતર નિવાસ છે. તેવું શ્રી મુખનું વચન છે. ભગવદ્ સ્વરૂપોની અન્ય જીવોએ સ્થાપના કરી હોય તો તે સેવવા યોગ્ય નથી. તેવી શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા છે અને તેથી તો ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સંતો પણ સ્વયં પ્રતિષ્ઠા કરતા નહી પણ ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા જે પ્રતિષ્ઠા થતી તેમાં તેઓ વિનમ્રતાપૂર્વક હાજર રહેતા.

ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સંતની આમન્યા ધર્મવંશી આચાર્યો પણ ખૂબ રાખતા. તેમની હાજરી માત્ર બધા જ પ્રસંગોને દિવ્યતાથી ભરી દેતી. તેથી જ તો, નિત્યાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજે પણ તેમને વરતાલમાં રોકવાની ઘણી તાણ-આગ્રહ કર્યો અને તેથી ધીરગંભીર અને દયાળુ સ્વામીશ્રી પ.પૂ.ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને આ બાબત લખી જણાવીને વચન આપે છે કે, અહીંથી પ્રતિષ્ઠાનો પ્રસંગ પતાવીને બીજા જ દિવસે ત્યાં આપની સેવામાં હાજર થઈ જઈશ. મુમુક્ષુ માત્રે આ બધા પત્રોમાંથી લક્ષ્યમાં લેવું કે, ધર્મવંશી આચાર્યશ્રી સાથે કે મોટા પુરુષો સાથે કેમ વર્તવું. મોટા પુરુષે આજ્ઞા કરી હોય અને કદાચિત જો આપણને તે વખતે અનુકૂળતા ન હોય તો પણ તત્કાળ ના પાડવી જ નહિ. પણ ધીમે રહીને અનુકૂળતા પ્રમાણે તેઓશ્રી સમક્ષ સાચી અને સંપૂર્ણ વાતની રજૂઆત કરવી અને પછી તેમની આજ્ઞા પૂર્તિ માટે જરૂરી સમય ગાળાની રજા માંગવી અને ત્યારબાદ તે મુજબ વર્તવું અને તે પ્રમાણે

આજ્ઞાનું જરૂર પાલન કરવું જ. પણ કોઈ બહાને શારીરિક, આર્થિક, સમયનું વગેરે ક્ષુલ્લક કારણોસર આજ્ઞાલોપ થવા ન જ દેવો. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને શ્રીજીએ મોટેરા તરીકે સ્થાપ્યા, પોતે તો ઐશ્વર્યવાન હતા. શ્રીહરિનો તેમના ઉપર અઢળક રાજીપો હતો, વયમાં પણ તેઓ મોટા હતા અને શારીરિક રીતે પણ વૃધ્ધતાને આરે પહોંચ્યા હતા. તેમ છતાં પણ, પ.પૂ.ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના આમંત્રણ-આજ્ઞાને માન આપીને તેનું પાલન કરવા તેઓએ તેમને ત્યાંના પ્રસંગના બીજા જ દિવસે નિકળીને અમદાવાદ આવવાનું સ્વીકાર્યું. આને આજ્ઞા પાલનનો ખટકો કહેવાય ! ગૃહસ્થના ઘેર દીકરા-દીકરીના લગ્ન હોય તેના કરતાં અનેક ઘણો વિશેષ પ્રસંગ તો ત્યાગીને, તેના મંદિરમાં દેવની મૂર્તિ પ્રતિષ્ઠાનો હોય. આટલા મોટા પ્રસંગમાં પહેલાં અને પછી કેટલી બધી તૈયારીઓ કરી પડે ! અને એમાંય ઘરના મોભીને માથે કેટલી બધી ચિંતા હોય ! સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પોતે તો સંપ્રદાયના મોટેરા અને વરતાલ મંદિરના મોભી હોવા છતાં પણ પ્રસંગ પતાવીને બીજે જ દિવસે અમદાવાદ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પાસે પહોંચવાનું ઠરાવે છે. આ જ તેમની ધર્મવંશી આચાર્ય પરત્વે આત્મબુદ્ધિ દર્શાવે છે. બંને દેશના મોટેરા હોવાથી બંને દેશના દરેક પ્રસંગોએ પોતે હાજરી આપી સંપ્રદાયની એકતા દર્શાવી છે. શ્રીજીએ બે દેશવિભાગો તો માત્ર વહીવટ સારુ કરેલા પણ કંઈ મારું-તારું કરવાની કોઈ ભાવનાથી નહિ. આવી કાળજી મોટેરા સંતો અને હરિભક્તોએ રાખવી. બેય દેશના આચાર્યો મારા છે અને હું આ સત્સંગનો છું એવી ભાવના અતિ દઢપણે રાખવી.

સ્વામીએ માત્ર ત્યાં આવીશ એટલું જ વચન આપ્યું નથી પણ એમ જણાવ્યું કે, જેમ તમે કહેશો તેમ કરશું, જ્યારે આ લખાણ ખૂબ ધ્યાનપૂર્વક વાંચીએ ત્યારે એમ થાય છે જે લખાવનાર અને જેને માટે લખાવ્યું છે તે બંન્ને મહાનુંભાવોનું મહાત્મ્ય અને વ્યક્તિત્વ અદ્‌ભુત છે. અક્ષરમુક્તો વગર આવા શબ્દો હૈયામાંથી નિકળે નહિ સમર્થ થકા જરણા કરવી અઘરી છે. જે સંતના સ્થાપેલા શ્રીહનુમાનજી મહારાજ આજે પણ સાળંગપુરમાં હાજરાહજુર વાતો કરે છે. એવા ત્યાગી શ્રેષ્ઠ, સંતવર્ય તદ્દન નિખાલસ ભાવે, નાના બાળકની જેમ નિર્દોષભાવે એમ જણાવે છે જે તમે કહેશો તેમ કરીશું ! તેમની સાધુતાના ગુણોની આ પરાકાષ્ઠા છે અને તેથી જ તેમને મોટેરા તરીકે સ્વયં શ્રીજીએ સ્થાપ્યા છે. આ સંતવર્ય શ્રીજી સ્થાપિત ધર્મવંશી આચાર્યશ્રીનું કેટલું બધું મહત્વ સમજતા હશે તે આપણે વિચારવું ઘટે. શ્રીજી વચને કરીને પોતાની પાસે છે તે ઐશ્વર્ય કરતાં પણ વધુ ધર્મવંશી આચાર્યશ્રી પાસે છે એવું તેઓશ્રી નિઃશંકપણે માનતા. શ્રીહરિના રાજીપા સારુ, તેમની અક્ષરસહ આજ્ઞાના પાલન અર્થે તેઓ કેટલો બધો ખટકો રાખતા !

ખૂબ સુંદર, સમન્વય સાધીને વડતાલ દેશના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીની ઈચ્છા પ્રમાણે વર્તીને નિત્યાનંદાદિ મોટા મુનિઓના આગ્રહને માન આપ્યું અને તેમની લાગણી-ભાવનાની કદર કરી, વડતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે હાજર રહેવાનું સ્વીકાર્યું. તે ઉપરાંત ધોળકાના પ્રસંગે હાજર રહેવા અમદાવાદ દેશના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ત્યાં, તાત્કાલિક બીજા જ દિવસે જવાનું વચન આપ્યું અને તે ઉપરાંત તમે કહેશો તેમ કરીશું એમ જણાવીને દાસત્વ ભાવ પ્રગટ કર્યો. દરેકને રાજી કરવા માટે તેમણે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો જણાય છે.

હરિભક્ત માત્રે એ સમજવું કે, જો આપણે આપણો હોદ્દો (ઐશ્વર્ય), ધનસંપત્તિ, માન-મોટાઈ વગેરે ભૂલી જઈને, નિર્દોષબુધ્ધિ રાખીને, મોટા સંત હરિભક્તની આજ્ઞામાં રહીને, ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને, તેમની માનમર્યાદા જાળવીને શ્રીહરિની આજ્ઞા પાળીશું તો શ્રીહરિ તો અચૂક પ્રસન્ન થશે જ તે ઉપરાંત તે મોટા પુરુષોના આશીર્વાદ પણ મળશે અને તેનાથી જ આ જીવ ઊન્નતિના માર્ગે ચાલશે. અંતમાં તેઓશ્રી રામપ્રતાપભાઈને પણ ઘણું માનીને પ્રણામ પાઠવે છે. પોતે તો વસ્તુતઃ આશીર્વાદ આપવા યોગ્ય છે તેમ છતાં પણ તેમની વર્તવાની રીતભાત જુઓ ! આ વિનમ્રતા બીજે જોવા મળશે નહિ ! રામપ્રતાપભાઈ જે શ્રીહરિના સહોદર છે તેમને માત્ર જયશ્રી સ્વામિનારાયણ પાઠવ્યા નથી. પરંતુ પ્રણામ કર્યા છે. પ્રણામ શબ્દ જ વિનમ્રતાનું પ્રતિક છે. ભક્ત પણ જ્યારે ભગવાનને અષ્ટાંગ કે પંચાગ દંડવત્ પ્રણામ કરે છે ત્યારે તે પોતાનો અહંકાર એક બાજુએ મૂકીને ભગવાનનું શરણું સ્વીકારે છે અને તેથી તે ક્રિયાએ કરીને ભગવાન રાજી થાય છે. વ્યવહાર માર્ગમાં પણ જો કોઈ પોતાના શત્રુને પણ સાચા દિલથી પ્રણામ કરે તો બંને પક્ષકારો વચ્ચેની કટુતા ઓગળી જાય, વૈમનસ્યની દિવાલને પાતળી કરવા માટે વેરઝેરના છિદ્રો પુરી દેવા માટે પ્રણામ એક રામબાણ ઈલાજ છે. ભગવદ્ ભક્તો વચ્ચે પ્રણામનું આદાન પ્રદાન હૈયાના હેત અને ઉમળકાની

લાગણીને આંખો, હાથ પગ આદિક ઈન્દ્રિયો દ્વારા એ વહેવડાવીને સામેવાળાના હૃદયમાં બિરાજમાન શ્રીહરિને રાજી કરવાનું સાધન છે.

આજે પણ ધર્મવંશી આચાર્યશ્રીને સંતો કે હરિભક્તો દંડવત્ પ્રણામ કરે છે ત્યારે તેઓ અચૂકથી ''રાખો'' કહે અથવા ઊભા થઈને તેને બાથમાં લઈને ભેટે છે. જુના વડીલ સંતો જ્યારે તીર્થસ્થાનમાં જાય ત્યારે ત્યાંના વડીલ સંતોને દંડવત્ પ્રણામ કરીને બાથમાં લઈ ભેટતા. શ્રીહરિ પણ ખૂબ રાજી થઈ સંતો હરિભક્તોને ભેટતા. આજે કાળક્રમે કરીને આ પ્રથા ઘસાતી જતી હોય એમ જણાય છે. આજે ઘણા તો દંડવત્ છોડીને વાંકા વળીને પગે લાગે છે તે તો સારું છે. પણ વધુ આધુનિક તો માત્ર ઢીંચણ સુધી વળીને ચરણસ્પર્શને બદલે, ઢીંચણ સ્પર્શે વળગ્યા છે ! તેનાથી વધુ આધુનિકો કેડેથી વાંકા વળવાનું છોડીને માત્ર બે હાથ જોડે છે ! અને પોતાની જાતને મોર્ડનમાં ખપાવતા કહેવાતા સત્સંગીઓ તો વળી હસ્તધનૂન કરવા લાગ્યા છે ! આવા મોર્ડન લોકોને આ ''પ્રણામ'' વાળી વાત સમજવામાં ઘણી વાર લાગશે તે તો મોટા સંતના યોગમાં આવે કે મોટા સત્પુરુષની સેવામાં જોડાય ત્યારે તે વિવેક સમજાય અને તેનો મહિમા જણાય. આપણે તો આટલું સમજવું કે, સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ સંત પણ જેને પ્રણામ પાઠવે છે તે પણ કેવા મોટા હશે ! માટે આપણે પણ એ જ રસ્તે ચાલીને તે ધર્મવંશીઓની આમન્યા અચૂક રાખવી. વળી વિવેકભાવ દાખવતાં સ્વામીશ્રી, અમદાવાદ મંદિરના આદિ મહંત સર્વજ્ઞાનંદ સ્વામી આદિ સર્વે સાધુગણને નારાયણ પાઠવે છે. હંમેશા એક સર્વ સામાન્ય નિયમ છે કે, જે જાયગાનો જે ઉપરી હોય તેને ક્યારેય નારાજ કરવો નહિ. હંમેશા તેની આગળ વિવેક વિનયથી જ વર્તવું તો આપણને સર્વે રીતે સાનુકૂળતા થાય. આપણે જ્યારે પણ કોઈ તીર્થસ્થાન આદિમાં જઈએ ત્યારે જે તે મંદિરના મહંત-કોઠારીને દંડવત્ પ્રણામ કરીને જય સ્વામિનારાયણ જરૂર કહેવા આ વિવેક દરેક હરિભક્ત માત્રે રાખ્યો જોઈએ.

શ્રીજી પ્રસાદીના મોટા સંતોની પ્રસાદીના આ પત્રોમાં જે કાંઈ વિગતો છે તેમાંથી આપણે તેમનો વિવેક વિચાર, આજ્ઞા પાલનનો ખટકો ઈત્યાદિ ખૂબ શાંતિથી ધીરગંભીરપણે વાંચી વિચારવાં ને શીખવા. તદુપરાંત શુકાનંદાદિ મોટેરા સંતોના હસ્તાક્ષરના દર્શન પણ આપણાં ખૂબ મોટા ભાગ્ય હોય ત્યારે થાય. જેઓ શ્રીહરિના જમણા હાથ સમાન હતા, તેમના હસ્તાક્ષરોના દર્શન પણ આપણા નેત્રોને શાતા અર્પે છે.

સૌ હરિભક્તોના દર્શનાર્થે આ અસલ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રાખવામાં આવ્યો છે. સૌ હરિભક્તો તેના દર્શન કરજ્યો અને રાજી રહેજ્યો.

## સંપ્રદાયનું ગૌરવ

ન્યુઝિલેન્ડ ઓકલેન્ડના આપણા અગ્રણી સત્સંગી પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલના ધર્મપત્ની અ.સૌ. ડૉ.રંજનાબેન પટેલને તાજેતરમાં ઈન્ડીયન કોમ્યુનિટી માટે તેમના અથાગ પરિશ્રમ માટે **QSM** એવોર્ડથી સન્માનિત કરાયા છે. તથા બેસ્ટ બિઝનેસ વુમન ઓફ ધ ઈયર એવોર્ડ એનાયત કરાયો છે.

રંજનાબેન ઈ.ટી.એચ.સી. ઈસ્ટ તમાકી હેલ્થ કેર ગૃપ ઓફ કંપનીના ન્યુઝિલેન્ડ તથા ઓસ્ટ્રેલીયાના સ્થાપક ડિરેક્ટર તથા એકઝ્યુકિટીવ મેમ્બર છે. અને મેડીકલ ડેવલપમેન્ટ તથા પબ્લિક રિલેશન સાથે પણ સંકળાયેલા છે.

આ અભૂતપૂર્વ સિધ્ધિ માટે સંપ્રદાય ગૌરવ અનુભવે છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

### શું આપ દશાંશ વિશાંશ ધર્માદો દેવને આપો છો ?

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને સૌને શિક્ષાપત્રીમાં ૧૪૭ માં શ્લોકમાં દશાંશ વિશાંશ ધર્માદો કરવાની સ્પષ્ટ આજ્ઞા કરી છે. આ લોકની આપણી ફરજમાં સરકારનો ઈન્કમટેક્ષ પણ આવે છે. તે પણ આપ સૌ ભરતા હશો. તે જ રીતે આપણા ભૌતિક સુખ અને આધ્યાત્મિક સુખ અર્થે દશાંશ વિશાંશ ધર્માદો શ્રીનરનારાયણદેવ દેશમાં વસતા સર્વે નાના-મોટા હરિભક્તોએ પોતાની આવકનો દશમો વિશમો ભાગ ચોખ્ખો ધર્માદો શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના કોઠારમાં રોકડ-અનાજ-પદાર્થ રૂપે ભરી પાકી પહોંચ મેળવી લેવી. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પણ ખાસ અનુરોધ છે કે સત્સંગી માત્રે પોતાની આવકમાંથી દશાંશ - વિશાંશ ધર્માદો કરવો. (મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, કાલુપુર, અમદાવાદ)

વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા શ્રી નરનારાયણદેવના
જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે







# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

તા. ૨૪ થી ૨૮ ડિસેમ્બર-૨૦૧૪

**અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ. ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ**

## આયોજક

**મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી**
**તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર - અમદાવાદ-૧**
**ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮**

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

**તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને ‘‘આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી.’’ ‘‘જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી.’’ ‘‘આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી.’’ આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામીએ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય ‘‘શ્રી નરનારાયદેવ મહોત્સવ’’ તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારિલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.

## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

## આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે. (પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

**: મહામહોત્સવનું સ્થળ :**
**તપોવન સર્કલ, મોટેરા ગામ, અમદાવાદ.**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

॥શ્રીઃ॥

સ્વસ્તિશ્રી અમદાવાદ મહા શુભસ્થાને સર્વે શુભોપમાજોગ્ય સાધુ શિરોમણી સાધુ બ્રહ્માનંદ સ્વામી એતાન શ્રી વરતાલથી લિ. સાધુ ગોપાલાનંદ સ્વામિના જય સ્વામિનારાયણ વાંચજો. અપરંચ લખવા કારણ એમ છે જે શ્રીજી મહારાજે લખાવીને એમ પ્રબંધ કર્યો છે જે દેવને અર્થે માનતા કરે, ભેટ મૂકે કે થાળ કરાવે, ઘોડુ બળદ, ગાય, ભેંસ આદિક જે જે જંગમ વસ્તુ અર્પણ કરે તે જે દેવને અર્થે કરે તે દેવનું છે માટે સુરતના સત્સંગી અમદાવાદ આવ્યા હશે તેમણે નરનારાયણદેવને અર્થે પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે કંઈક કર્યું હશે તેનું નામું અમને અક્ષરાનંદ સ્વામિએ દેખાડ્યું ત્યારે અમે કહ્યું જે એ દેવને અર્થે વાવર્યુ તે છો વાવર્યુ. તેમાં તમારે કાંઈ બોલવું નહિ તે સારુ તમારે પણ એમ જાણવું પણ લક્ષ્મીનારાયણની માનતાનું અથવા થાળનું જે જે હોય તે તે માંગવું નહિ ને જે આ રીત્યને ભાગશે ને નરનારાયણદેવનું માગીને લક્ષ્મીનારાયણદેવને અર્થે કરાવશે તથા લક્ષ્મીનારાયણદેવનું માગીને નરનારાયણદેવને અર્થે કરાવશે તેને દેવનો દ્રોહ થાશે. તેણે કરીને તેનું આલોક પરલોકમાં અવલું જરૂર થાશે. કેમ જે એ દેવ છે તે મહારાજ પોતે પુરુષોત્તમનારાયણે બેસાડ્યા છે તે તેનું દૈવત એ દેવમાં છે. માટે એ દેવનું જ ધાર્યું થાશે પણ બીજા કોઈનું ધાર્યું નહિ થાય એમ સિધ્ધાંત છે. તત્ર શ્લોકઃ ॥ નતસ્યકશ્ચિતપિસા વિદ્યયાવા નયોગવીર્યેણમનીષયાવા। નૈવાર્થધર્મૈઃ પરતઃ સ્વાતોવાકૃતં વિહંતુ તનુમહિમૃયાત ॥૧॥ સુજ્ઞેષુ કિંબહુના સંવત ૧૮૮૭ ના કારતક વદી-૯ લેખક શુકમુનિના સાષ્ટાંગ પ્રણામ સેવામાં અંગીકાર કરજો.

સાધુ શિરોમણી સાધુ બ્રહ્માનંદ સ્વામીને પત્ર પોંચે

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામિએ, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામિ ઉપર લખાવેલ આ પત્રના સૌને દર્શન થાય તે હેતુથી તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં પધરાવવામાં આવેલ છે. સર્વે હરિભક્તો તેનો લાભ લેજ્યો.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે-૨૦૧૪

**ગત અંકમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મ પ્રસંગે આવેલ ચરણ ભેટની વિગત**

| | |
|---|---|
| ૩,૦૦,૦૦૦/- | કચ્છના તમામ સાં.યો.બહેનો<br>પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે માંડવી |
| ૧,૭૦,૧૯૦/- | પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે<br>માંડવી હરિભક્તોની ઝોળી નિમિત્તે-માંડવી |
| ૧,૧૧,૧૧૧/- | કાંતિલાલ નારણ કેરાઇ તથા<br>નંદુ કલ્યાણ કેરાઇ બળદિયા (હા.નાઇરોબી)<br>પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે |
| ૧,૧૧,૧૧૧/- | રામજી રવજી હાલાઇ - માંડવી (હા.નાઇરોબી)<br>હ. અરજણ રવજી હાલાઇ |
| ૭૦,૦૦૦/- | મહેશ હરજી પ્રાગજી વેકરીયા (માંડવી) |
| ૭૦,૦૦૦/- | માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર |
| ૭૦,૦૦૦/- | વશરામ મનજી ગાજપરીયા<br>હ.ધનબાઇ સહપરિવાર (માંડવી) |
| ૧૧,૧૧૧/- | શ્રી સ્વામિનારાયણ મંદિર-નારણપર(કચ્છ) |
| ૧૧,૦૦૦/- | ગોપાલ કાનજી વરસાણી, સામત્રા |
| ૧૦,૦૦૦/- | કુંવરજી વિશ્રામરાજપરીયા નાગલપુર-માંડવી |
| ૧૦,૦૦૦/- | શ્યામુબેન ગોવિંદભાઇ ગોરસીયા(માધાપર-કચ્છ) |

●

| | |
|---|---|
| ૫૦,૦૦૦/- | પ.ભ. કાંતીલાલ ફડીયા |
| ૨૧,૨૦૦/- | કાનજીભાઇ ચતુરદાસ પટેલ (પ્રતાપુરા)<br>રમણભાઇ ચતુરદાસ પટેલ, રસિકભાઇ ચતુરદાસ પટેલ (પ.પૂ.મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે) |
| ૨૦,૦૦૦/- | ઠક્કર શાંતિલાલ નાથાલાલ<br>હ. કુસુમબેન શાંતિલાલ ઠક્કર, ઘોડાસર |
| ૧૨,૭૦૨/- | અશોકભાઇ અમૃતલાલ પટેલ (કલોલ)<br>હ. જશીબેન અશોકભાઇ પટેલ<br>(પ.પૂ.મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે) |
| ૧૧,૦૦૧/- | ન્યાલકરણ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઇ |
| ૧૧,૦૦૦/- | જય પટેલ હ.જીતુભાઇ પટેલ, નારણપુરા |
| ૧૦,૦૦૦/- | ઝરણા પટેલ હ. કુસુમબેન શાંતિલાલ ઠક્કર, નારણપુરા |
| ૭૫૦૦/- | વિનોદભાઇ વિહાભાઇ પટેલ (કલોલ)<br>પ.પૂ.મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે |
| ૬૦૦૧/- | વિહાન પ્રિતેશ કાશવ, વૈનવી પ્રિતેશ કાશવ<br>(જન્મદિન નિમિત્તે-ઓસ્ટ્રેલીયા) હાલ અમદાવાદ<br>હ. પી.પી. સ્વામી (નાના) |
| ૫૧૦૦/- | સોની જીતેન્દ્રકુમાર સી. |
| ૫૧૦૦/- | ઘનશ્યામભાઇ દામજીભાઇ વરૂ (જીરાગઢ) રાજકોટ |
| ૫૧૦૦/- | સદ્ભાવના શૈક્ષણિક સંકુલ-હળવદ |
| ૫૧૦૦/- | તુલસીભાઇ દ્વારકાદાસ પટેલ, દેલવાડા |
| ૫૧૦૦/- | શૈલેષભાઇ મથુરભાઇ-સેટેલાઇટ<br>પ.પૂ.મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે |
| ૫૦૦૧/- | અ.નિ. મણીલાલ કરસનદાસ પટેલ (નવરંગપુરા)<br>હ.ગં.સ્વ.સવિતાબેન મણીલાલ |
| ૫૦૦૧/- | એક હરિભક્ત (નારણપુરા) |
| ૫૦૦૧/- | જોષી દેવાંગી / ધ્રુવી રાકેશકુમાર (બાયડ) |
| ૫૦૦૦/- | પ.ભ. જયંતીભાઇ શંકરભાઇ લાટીવાળા કડી. |
| ૫૦૦૦/- | શશીકાન્તભાઇ પટેલ (ઉંઝા) |
| ૫૦૦૦/- | કાન્તાબેન નટવરભાઇ પટેલ (વિસતપુરા) |
| ૫૦૦૦/- | વર્ષાબેન અશ્વિનભાઇ (ન્યુ રાણીપ)<br>લગ્નજીવનની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે |
| ૫૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર (આદરજ) |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - મે-૨૦૧૪

| | |
|---|---|
| તા.૨૯/૪/૧૪ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ સ્વામિ.મંદિર, કાલુપુર હવેલી હ.કુસુમબેન (મહેસાણા) |
| તા.૯/૫/૧૪ | શ્રી નિરજભાઇ પિયુષચંદ્ર જોષી - વડોદરા<br>શ્રી ધીરજલાલ સુરજરામ જોષીના જન્મદિન નિમિત્તે |
| તા.૧૩/૫/૧૪ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - જયપુર હ. મહંત સ્વામી શ્રી દેવ સ્વામી |
| તા.૨૫/૫/૧૪ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - એપ્રોચ, બાપુનગર હ. મહંત સ્વામી શ્રી લક્ષ્મણ જીવનદાસજી |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મનથી નાના બનતાં શીખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

હનુમાન ચાલીસાની ચોપાઈનાં આ શબ્દો છે - ''સુક્ષ્મરૂપ ધરી સીય હી દિખાવા.''

તો આ ''સુક્ષ્મરૂપ ધરી'' એટલે શું ? રામાયણમાં કથા આવે છે કે, જ્યારે હનુમાનજીએ લંકામાં પ્રવેશ કર્યો ત્યારે તેઓ સુક્ષ્મ એટલે કે નાનામાં નાનું સ્વરૂપ ધારણ કરીને પ્રવેશેલા કોઈની પણ નજરે ન પડ્યા ! માટે સુક્ષ્મ એટલે કે ''નાનું'' - ''ઝીણામાં ઝીણું''.

તુલસીદાસજીએ વર્ણવ્યું કે તેઓ જ્યારે સીતામાતા પાસે ગયા ત્યારે સુક્ષ્મરૂપ ધારણ કરીને ગયેલા. એટલે અત્રે સુક્ષ્મ એટલે નાનું પણ ''સૌમ્ય-સરળરૂપ'' ધારણ કરેલું. તમે જ્યારે ઈષ્ટદેવ પાસે, તમારા પૂજનીય કે વડીલ કે ગુરૂ પાસે જાઓ ત્યારે કે માતા-પિતા પાસે જાઓ ત્યારે નાના બનીને જજો. સૌમ્ય-સરળ બનીને જજો.

બહાર સમાજમાં - સંસાર વહેવારમાં તમે ગમે તેટલા મોટા હો, તમારી વાહવાહ ચારે બાજુ થતી હોય ત્યારે ઉપર જણાવેલ વ્યક્તિ પાસે જાઓ તો તમામ માન-મરતબો-મોભો બધું જ બહાર મુકીને તેમની પાસે સરળ બનીને જજો. સુક્ષ્મરૂપ બનતાં ન આવડે તો કેવું થાય ? ગોપાળાનંદ સ્વામી વડોદરામાં બિરાજતા હતા ત્યારની વાત છે.

એક ગરીબ ઘરનો દીકરો નામે ''મંગળ'' મંદિરની તેમજ સંતોની સેવા કરતો. સ્વામીને તેની સેવાનો ભાવ ગમતો. ગોપાળાનંદ સ્વામીનો રાજીપો આ મંગળ ઉપર ઉતર્યો અને ભણવામાં ઘણો જ આગળ વધી ગયો, છતાં મંદિરની અને સંતની સેવા કરવાનું ચૂક્યો ન હતો. સ્વામી તેને પ્રેમથી - હેતથી ''મંગળ'' કહીને બોલાવતા. તેમના રાજીપાના ફળ સ્વરૂપ વડોદરાના રાજા સયાજીરાવની નજરે તે વસી ગયો અને રાજ્યના ''કલેકટર''ના પદે નિમણુંક થઈ. ઊંચો હોદ્દો માન-મોભો-આવક વધી ગયાં.

રાજાશાહી ઠાઠ, ઠઠારો, નોકર-ચાકર, બીજા ઉચ્ચ હોદ્દેદારો, ગાડી-ઘોડા બધું જ તેમની સેવામાં હાજરાહજુર. હવે બધા તેમને ''કલેકટર સાહેબ'' કહીને બોલાવતા. માન-સન્માન વધી ગયા.

એક સમયે તે મંગળભાઈ કલેકટર થોડા હોદ્દેદારો, થોડા નોકરો સાથે સરકારી કામે રસાલા સાથે જતા હતા. ત્યાં તેમને સમાચાર જાણવા મલ્યા કે મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી અત્યારે વડોદરામાં જ બિરાજે છે. લાવને મારા આ રસાલા સાથે તેમના દર્શને જાઉં.

જો જો ભૂલ ક્યાં થાય છે !! જેવા કલેકટર સાહેબ સ્વામી પાસે ગયા કે સ્વામીએ તેમની સરળ, કોમળ, વાત્સલ્યભાવ વાળી પહેલાંની વાણીમાં કહ્યું, ''આવ મંગળ'' અને મંગળને હાડોહાડ લાગી આવ્યું. અને તે જાહેરમાં કાંઈ બોલ્યો નહીં પણ મનમાં વિચારવા લાગ્યો કે મારા ગુરુ મોટા ખરા પણ થોડો વિવેક આવડતો નથી. મારા નોકર-ચાકર, અધિકારીઓ સાથે છે ને મને એક વચને ''આવ મંગળ'' એવું કહ્યું !!!

સ્વામી તો ત્રિકાળજ્ઞાની હતા. જાણી ગયા. આને મોભો આડો આવ્યો. મારી વાત્સલ્યતા ના ગમી. થોડા સમય બાદ આ જ મંગળભાઈ કલેકટર, રાજ્યનાં કાંઈક વાંક ગુનામાં આવ્યા અને એ જ સમયે ગાયકવાડ સરકારે તેમનો દરજ્જો છોડાવી દીધો. નોકરીએથી ઘરભેગો કરી દિધો. અને પાછો રસ્તે ચાલતો થઈ ગયો. રાસ-રસાલા સાથે નીકળતો ત્યારે પ્રજા એમ કહેતી કે - ''મંગળભાઈ કલેકટર'' જાય છે અને અત્યારે રોડ પર ફરતો થઈ ગયો ત્યારે વડોદરાની એ જ પ્રજા એક બીજાને કહે છે - ''પેલો જાય છે તેને ઓળખો છો ? પેલો મંગળીયો જાય છે. મોટો સાહેબ થઈને ફરતો હતો, હવે જાય છે ને ટાંટીયા ઢસડતો !''

ત્યારે આ મંગળની આંખમાંથી બોર બોર જેવડા આંસુ સરી પડ્યાં. સ્વામીએ મને વાત્સલ્યભાવથી મંગળ કહીને બોલાવ્યો ત્યારે મને ગમ્યું ન હતું, મોભો આડો આવ્યો હતો. અત્યારે બધા મંગળીયો કહીને મારી મશ્કરી કરે છે.

પોતાના ઈષ્ટદેવ તેમજ વડીલ, ગુરૂ, માતા-પિતા પાસે જાવ ત્યારે તમે એ ભૂલી જજો કે - હું ડૉક્ટર છું, એન્જિનીયર છું, સી.એમ. છું, પી.એમ. છું, રાષ્ટ્રપતિ છું, આ બધું જ બહાર રાખજો પણ જેની આગળ જાવ છો તે કોણ છે ? તેનું સ્થાન મારા જીવનમાં શું છે ? એ યાદ કરીને જજો. વાત્સલ્યભરી વાણીને સમજજો. તો તમે સુક્ષ્મરૂપ ધારણ કર્યું ગણાશે. તેમના કૃપાપાત્ર,

અનુ. પેજ નં. ૨૬ પર

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"પરમાત્મા દ્વારા આ સંસારની રચના શા માટે ?"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પરમાત્માએ આવી સુષ્ટિની રચના શા માટે કરી છે કે જે સંસારમાં કોઈ માણસ સંપૂર્ણ સુખી નથી. પરંતુ એવું નથી. પરમાત્માએ આ સંસાર દુઃખી થવા માટે નથી બનાવ્યો. પરંતુ આ પૃથ્વી પર આવીને માણસને એવો અનુભવ થઈ જાય કે ખરેખર પરમાત્માના ચરણ સિવાય કોઈપણ જીવાત્મા માટે શાશ્વત સુખ ક્યાંય છે જ નહિ. પરંતુ જે લોકો આ પૃથ્વી પર જન્મ લઈને પરમાત્માની શરણાગતિ સ્વીકારતા નથી જેને પરમાત્મા પર શ્રધ્ધા નથી અને માત્ર સંસારમાં આસક્ત થઈને આખી જીંદગી વિતાવી દે છે તે લોકોને જીવનમાં દુઃખ આવે ત્યારે એવું લાગે છે કે પરમાત્માએ આ મોહ માયા શા માટે મુકી ? શા માટે આવું જગત બનાવ્યું ? પરંતુ જે લોકો ખરેખર સાચા ભક્ત છે તેને પરમાત્મા પર ક્યારેય શંકા નથી થતી. પરમાત્માની રચનાને જે લોકો સમજી શકે છે તેમને તો આ પૃથ્વી પર પણ ધામમાં બેઠા હોય તેવી જ અનુભૂતિ થાય છે અને મૃત્યુ પછી પણ અક્ષરધામમાં જવાના. પરંતુ આવા લોકો ખૂબ જ ઓછા હોય છે કે જે લોકોને પરમાત્મા પર સંપૂર્ણ વિશ્વાસ હોય. તો મહારાજ પર ક્યારેય શંકા નહિ રાખવાની. કેમ કે ? આપણે આ દુનિયામાં આવ્યા પછી આ સંસારનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ. આ જ સંસાર છે કે અમુક માણસો આ સંસારના માધ્યમથી મુક્તિ પણ પામે છે. અને આ જ સંસારના માધ્યમથી અમુક માણસો નર્કમાં પણ જાય છે. તો જેવી રીતે સ્કુલમાં શિક્ષક બધા વિદ્યાર્થીને સરખુ જ ભણાવે છે. પરંતુ તે વિદ્યાર્થી પર નિર્ભર છે કે આખુ વર્ષ કેટલું ભણ્યા ? કેવું ભણ્યા ? પાસ થવાનું છે કે નાપાસ. તેમ પરમાત્માએ દરેક માણસને બુદ્ધિ અને વિવેક પણ આપ્યા છે. પરંતુ તે બુદ્ધિ અને વિવેક માણસ નાશવંત સુખ પાછળ વાપરે છે કે શાશ્વત સુખ પાછળ વાપરે છે તે દરેક વ્યક્તિ પર નિર્ભર છે. જો સંસારમાં અનાસક્ત ભાવથી રહેતા આવડી જાય તો આ જ સંસાર તમને મોક્ષ પ્રદાન કરી શકે છે. આપણે હેરાન કેમ થઈએ છીએ ? તો આપણી અંદર જે સંસાર છે ને રાગ-દ્વેષ, ઈર્ષા, આસક્તિ, ક્રોધ, માન, માયા, લોભ આ બધું બંધનકારક છે. આ બંધનને કારણે જ જન્મ મરણ છે. એટલે જ દુઃખ છે. તો આપણને વિચાર આવે કે આ સંસારમાં રહેવું કઈ રીતે ? તો સંસારમાં જળકમળવત્ થઈને રહેવાનું છે. તો લાગે છે કે શક્ય જ નથી. આટલી બધી વિટંબણાઓ હોય, ટેન્શન હોય, જવાબદારી હોય તે બધું નિભાવતા નિભાવતા જળકમળવત્ કઈ રીતે રહેવું. જળમાં કમળ રહે છે છતાં તે પાણીને અડતુ નથી. જેટલું જોઈએ તેટલું જ પાણી સરોવરમાંથી ગ્રહણ કરે છે. જો જરૂર કરતા વધારે પાણી લે તો તરબતર થઈ જાય અને મૂળ પણ ખલાસ થઈ જાય. પરંતુ જરૂર જેટલું જ પાણી લે છે. એટલે જળમાં હોવા છતાં પણ જળથી અલિપ્ત રહે છે. અને ખીલેલું રહે છે. તો આપણે પણ આ સંસારમાં ખીલેલું રહેવું હોય અર્થાત્ આનંદમાં રહેવું હોય તો જેટલું જોઈએ તેટલું જ જીવનનિર્વાહ પુરતું જ આ સંસારમાંથી ગ્રહણ કરવું પણ તેમાં ડુબી ન જવું. પરમાત્માએ આપેલી બુદ્ધિ અને વિવેકનો ઉપયોગ કરવો કે ક્યું સુખ નાશવંત છે. અને ક્યું સુખ શાશ્વત છે. અને પછી શાશ્વત સુખની પ્રાપ્તિ માટે વિચાર આવે તો આપણને એમ પણ થાય કે આપણું લક્ષ્ય છે મોક્ષ પ્રાપ્તિ. તો તેમાં બાધક શું છે ? પંચ વિષય અને મોહમાયા. પરમાત્માએ આ પંચવિષય અને મોહ-માયા આ બધું મુક્યુ શા માટે ? ઘણા લોકો એવું કહેતા હોય છે કે માયા પણ પરમાત્માએ જ મુકી છે ને ? તો માયા વગર સુષ્ટિની રચના શક્ય જ નથી. માટે પરમાત્માએ માયા મુકી છે. થોડી માયા પણ જરૂરી છે જ. કેમ કે ? જો બિલકુલ માયા જ ન હોય તો પરિવાર વચ્ચે પ્રેમ જ  ન હોય. પરિવાર જ ન બને તેથી પરમાત્માએ માયા પણ મુકી છે. અને સાથે સાથે માણસને સમજણ પણ આપી છે કે મારી માયાનો ઉપયોગ કઈ રીતે કરવાનો છે. સત્સંગિ જીવન, વચનામૃત આ બધા સત્શાસ્ત્રોમાં મહારાજે જે કહ્યું છે તે વિચારવું. પરંતુ આપણે દુઃખી ક્યારે થઈએ છીએ ? તો આ પરમાત્માની આજ્ઞાનુ પાલન નથી કરતા ત્યારે દુઃખી થઈએ છીએ. જેથી બેલેન્સ રાખીને જીવવાનું છે. આપણું જીવન માત્ર વાસનાપૂર્તિ માટે બનાવવાનું નથી.

આપણે જમવા બેસીએ ત્યારે અમુક વસ્તુ ખૂબ ભાવતી હોય તો શું થાય ? જમતી વખતે મજા આવે એટલે વધારે ખવાઈ જાય જેથી બેલેન્સ ન રહે. સૂતી વખતે વધારે સુઈ રહેવાનું મન થાય પરંતુ થોડું વધારે

ખવાઈ જાય અને વધારે આરામ થઈ જાય તો પણ પાછળથી હેરાન થવું પડે છે. આળસ આવે, શરીર વધી જાય. શરીરમાં રોગ થાય આવી બધી ઘણી તકલીફો થાય છે. તો બેલેન્સ રાખવું પડે છે. તેમ સંસારની સુખ સુવિધાનો ઉપયોગ કરવામાં પણ બેલેન્સ રાખવું પડે છે.

સંપત્તિ શરીરની આવશ્યકતા છે. પરંતુ તેને એટલું મહત્ત્વ ન આપો કે ઉત્તમ પદનો અધિકાર જ ગુમાવી દેવો પડે. ઉત્તમ પદનો અધિકાર એટલે મનુષ્ય જન્મનો હેતુ શો છે ? તો પરમાત્માનું ભજન અને પરોપકાર. સંપત્તિ કમાવા પાછળ એટલો સમય ન ગુમાવો કે પરમાત્માનું ભજન પણ ન કરી શકો અને જીવનમાં પરોપકાર પણ ન કરી શકો.

પરંતુ પરેશાની એ વાતની છે કે માણસને સુખ સંપત્તિ પાછળ દોટ મુકવાનું તેમજ રાગ-દ્વેષ ઈર્ષા આ બધું જે નાશવંત વસ્તુ છે તે શીખવાડવા માટે સભા નથી કરવી પડતી. આ સંસારમાં આવે એટલે તેને જોઈને આવડી જ જાય છે. પરંતુ જે વસ્તુ સનાતન છે જે સત્ય છે જેમાં શાશ્વત સુખ છે તે સમજવું જરૂરી છે. દા.ત. નરનારાયણદેવ આ ભરતખંડના રાજા છે. તેમના શરણમાં જ આપણું સાચું સુખ છે. આ બધી આપણને ખબર છે. છતાં પણ આ બધું શીખવાડવા માટે કથા રાખવી પડે, સભાઓ કરવી પડે, શિબિરોનું આયોજન કરવું પડે તે વિચારીને દુઃખ થાય છે.

આપણે અજ્ઞાનતાને લીધે પ્રત્યક્ષ જે દેખાય તેના પર જ વિશ્વાસ કરીએ છીએ. પરંતુ પરમાત્મા પર ક્યારેય શંકા રાખવી નહી. એવો દૃઢ વિશ્વાસ હમેંશા રાખવો કે આપણને અંત સમયે મહારાજ લેવા માટે આવવાના જ છે. શંકા છે. ને તે મનમાં દ્વિધા ઉભી કરે છે. દૃઢ નિશ્ચય મહિમા અને તીવ્ર શ્રદ્ધા આ ત્રણે વસ્તુ એક બીજાની પૂરક છે. આ ત્રણે વસ્તુ પરિપકવ હશે તો જ આપણે મહારાજમાં અખંડ જોડાઈ શકીશું અને જો વૃત્તિ મહારાજમાં જોડાઈ જશે તો આપણાથી કાંઈ પણ ખરાબ કર્મ પણ નહિ થાય અને પરમાત્મા પ્રાપ્તિનો આનંદ પણ મળશે.

●

### શયન તજી ભજન કરવું

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

''રાત રહે પાછલી ચાર ઘટિકા તૈંયે,
સંતને શયન તજી ભજન કરવું,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું,
પ્રગટ પરબ્રહ્મનું ધ્યાન કરવું.''

રાત રહે પાછલી એટલે રાત્રિ પૂર્ણ થવાનો પાછળનો સમય, રાત્રિનો અંત, ચાર ઘટિકા, ઘટિકા અર્થાત્ ઘડી, એક ઘડી એટલે ૨૪ મિનિટ, ચાર ઘડી એટલે કે ૯૬ મિનિટ. પ્રભાતનો સમય થાય કહેતાં ૬-૦૦ વાગે એની ૯૬ મિનિટ પહેલાં એટલે ૪-૦૦ વાગ્યેને ૨૪ મિનિટે બ્રાહ્મમુહૂર્તમાં સંતોએ ઉઠવું અને સ્વામિનારાયણ નામનું ભજન કરવું. એવી રીત મહારાજે સંતોને શીખવી છે. પરંતુ ગઢડા મધ્ય પ્રકરણના ૧૧ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ વાત કરતા જણાવે છે કે, ''ભગવાનના ભક્તની અને વિમુખ જીવની અર્થાત્ જગતના જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે.'' ભગવાનના અને જગતના જીવની રીતમાં શું ફેર છે ? તેની વિગત કરતાં શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૦ માં વચનામૃતમાં ઉલ્લેખ કરે છે કે, ''ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન નથી કરતા. અને જે ભગવાનના ભક્ત છે તે તો, ભગવાનના ભજનને વિષે જાગ્યા છે, કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકા વર્તે છે.''

''જ્યારે જગતના જીવ સૂતેલા હોય ત્યારે ભગવાનનાં ભક્તએ જાગીને ભગવાનનું ભજન કરવું જોઈએ''. ''જ્યારે જગતનાં જીવ ઉંઘનો સ્વાદ માણતા હોય ત્યારે ભગવાનના ભક્તએ પ્રભુનો સ્વાદ માણવો જોઈએ.'' ઉપરોક્ત પંક્તિમાં મહારાજ માત્ર સંતોને જ આજ્ઞા કરે છે. પરંતુ આ આજ્ઞા માત્ર સંતો માટે જ છે ? ના, સંતો અને હરિભક્તો બધાયનો એક જ ધ્યેય છે કે, 'ભજન-ભક્તિ કરી મહારાજને રાજી કરવા અને એ રાજીપાના બદલામાં મૂર્તિનું સુખ લેવું.' આમ, આપણા સૌનો અંતિમ ધ્યેય તો મૂર્તિના સુખને પામવું એજ છે. ત્યારે મૂર્તિના સુખ માટે બ્રાહ્મમુહૂર્તમાં શયનનો ત્યાગ કરી ભજન-ભક્તિનું અંગ પાડવું એ તમામ માટે ફરજિયાત છે.

પ્રશ્ન જરૂર થાય કે મહારાજે વહેલા ઊઠી ભજન-ભક્તિ કરવાનું કેમ કહ્યું ? ભજન-ભક્તિ દિવસ દરમ્યાન ગમે ત્યારે કરીએ તો પણ ન ચાલે ? સવારનો સમય કહેતાં બ્રાહ્મમુહૂર્ત જ શા માટે ? કોઈપણ કાર્ય કરવાનો કોઈક એવો સુનિશ્ચિત સમય હોય છે. અને જો સમયે એ કાર્ય કરવામાં આવે તો વધુ સારું ફળ મળી શકે છે. જેમ કોઈ ખેડૂત હોય તેનો ખેતરમાં વાવણી કરવાનો એક જ હેતુ હોય છે. સારામાં સારો પાક લેવો. પરંતુ એ હેતુને સફળ કરવા માટે જે તે પાકના સાનુકૂળ સમયે અર્થાત્ ઋતુસર વાવણી કરવી તે પણ નિઃશંક બાબત છે. એમ આપણા સૌનો ભજન-ભક્તિ કરવાનો હેતુ પણ એજ છે કે, વધુમાં

વધુ મહારાજના સ્વરૂપમાં જોડાવું અને વધુમાં વધું મહારાજનું સુખ લેવું. ત્યારે આપણા હેતુ ને સહજતાથી પાર પાડવા માટે બ્રાહ્મમુહૂર્ત એ ભજન-ભક્તિ માટેનો શ્રેષ્ઠ સમય છે.

પ્રાતઃ સમયમાં ભજન-ભક્તિ સિવાય અન્ય સાધન કરે તેને ચેતવણી આપતાં સદ્. મુક્તાનંદ સ્વામી જણાવે છે કે,

''ભજન તજી એ સમે અન્ય ઉદ્યમ કરે,
નારકી થાય તે નર તે નારી,
તે માટે અમૂલખ અવસર પામીને,
હરિજન સર્વે લેજો વિચારી.''

સૌ પ્રથમ ઊઠીને ત્યારથી જ મૌન ગ્રહણ કરી, બિન જરૂરી બોલવાનું ટાળીએ, ''જેટલું ઓછું બોલાય તેટલું વધુ મહારાજમાં જોડાવાય.'' વળી આધુનિક વિજ્ઞાન જગત પણ આ વાતને પુષ્ટ કરતાં કહે છે કે ''વધુ પડતું બોલવાથી શારીરિક ઊર્જાઓનો વ્યય થાય છે.'' માટે ન છૂટકે બોલવું પડે તેટલું જ બોલીએ. ત્યારબાદ ઊઠીએ ત્યારથી એક મહારાજ સિવાય બધું જ સળગાવતાં શીખીએ. સળગાવવું એટલે શું ? તો વિચારનાં બળે કરીને એક મહારાજ સિવાય બીજું બધું જ વિસારી દેવું. પોતાનું નામ, કામ, દેહ, સગાં-સંબંધી, ધંધા-વ્યવહાર પ્રવૃત્તિ આ બધું જ વિચારે કરીને, સળગાવી દેવું. એટલે કે વિસારી દેવું. એક મહારાજ સિવાય અંતરમાં બીજો કોઈજ ઘાટ-સંકલ્પ કે વિચાર પણ ન સ્ફુરવા દેવો.

આ રીતે આપણો સવારનો સમય કહેતાં બ્રાહ્મમુહૂર્ત સંપૂર્ણ મહારાજમય બની પસાર કરીએ અને બ્રાહ્મમુહૂર્તમાં ભજન-ભક્તિનું અંગ દૃઢ કરી સ્વજીવનને અધ્યાત્મથી હર્યુ ભર્યું કરીએ.....

અનુ. પેજ નં. ૨૩ પરનું

આદરપાત્ર, આશીર્વાદપાત્ર બનશો.

વ્હાલા ભક્તો ! હનુમાન ચાલીસાની આ ચોપાઈનો સુંદર ભાવાર્થ જો જીવનમાં યાદ રાખશો તો હનુમાનજીની જેમ ભક્તિ-શક્તિની અભિવૃદ્ધિ થશે અને જેમ હનુમાનજી સદૈવ ભગવાનના કૃપાપાત્ર છે તેમ આપણી ઉપર પણ ભગવાનની કે મોટા પુરુષોની વડીલોની કૃપા ઉતરશે.

માટે યાદ રાખો જગત વ્યવહારમાં ગમે તેવી મોટાઈ હોય છતાં માતા, પિતા, ગુરૂ પાસે મનથી સ્વભાવથી નાના બની જીવતાં શીખો.

●

**ભાવથી ભગવાનના શરણમાં જવું**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભગવાનની લીલા-ચરિત્રો જ કલ્યાણકારી છે. ભક્તો અનેક પ્રકારનાં સંકલ્પથી ભગવાનનો નિશ્ચય કરે છે. કોઈક પ્રસાદનો સંકલ્પ કરે. તો વળી કોઈ સેવાભાવી ભક્ત ''જો ભગવાન મને સેવા આપે તો સાચા'' આવો સંકલ્પ કરે. તો વળી કોઈ દૂર મતિવાળા કહે ''જો ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉ'' એવા પણ સંકલ્પ કરવાવાળા મળી રહે છે. પણ આજનું ચરિત્ર એ તો અનોખું છે.

એકવાર સ્વામિનારાયણ ભગવાન મેથાણ પધાર્યા હતા. તે મેથાણમાં મોટું તળાવ છે. એ તળાવમાં પંપાસરનો આરો કહેવાય છે. એ આરે શ્રીજી મહારાજ તળાવમાં સ્નાન કરવા પધાર્યા. તે તળાવમાં વચ્ચે એક ટેકરી છે. શ્રીજી મહારાજ તરતા તરતા એ ટેકરી સુધી ગયા. અને ટેકરી સુધી પહોંચીને મહારાજ કેડ સુધી પાણીમાં ઉભા રહ્યા હતા. તો એ ગામના કોઈ રજપૂત મૂળુભાઈ કેસરીયા એને મહારાજનો નિશ્ચય નહિ. એણે મનમાં વિચાર્યું કે આ મહારાજ ભગવાન કહેવાય છે તો આજે મારે એની પરીક્ષા લેવી છે અને એણે પણ પાણીમાં ડૂબકી મારી અને પાણીની અંદર ને અંદર જઈ અને જ્યાં શ્રીજી મહારાજ ઉભા હતા ત્યાં પહોંચી અને ઓચિંતા એણે મહારાજના ચરણ પકડ્યા. એમના મનમાં એવું ગણિત હતું કે હું ચરણ પકડીશ ને એટલે ગભરાઈ જશે બૂમ પાડશે તો એ ભગવાન નહિ. પણ ભગવાન તો કંઈ ગભરાયા નહિ અને મહારાજે પોતાના ચરણને એવો ઉછાળ્યો તેથી આ રજપૂત તળાવમાં પચાસ હાથ દૂર જઈને પડ્યો. ત્યારે એને નિશ્ચય થયો કે મહારાજ સાક્ષાત્ ભગવાન છે.

વ્હાલા ભક્તો ! જીંદગીમાં ઘી લેવું હોય તો પારખું કરીને લેવાય, તેલ લેવું હોય તો પારખું કરીને લેવાય અરે ! સોનું કે ચાંદી લેવી હોય તો પારખું કરીને લેવાય, પરંતુ જગતના જીવ તો ભગવાનનાંય પારખાં લેવા હાલી નીકળ્યા છે. બાકી આપણે તો સુરાબાપુ જેવું રાખવું.

**હું ને મારો ઠાકોર, બીજું જગત કાણું**
**ઠાકોર બેઠા પારણે, હું બેઠો દોરી તાણું.**

આવો અનન્ય ભાવ ભગવાનમાં રાખી વિશ્વાસ રાખી ભક્તિ-ભજન કરે તેનો બેડો પાર થઈ જાય. માટે સ્વભાવ છોડો અને સદ્ભાવ અપનાવો. ભગવાન ભક્તોના ભાવને વશ થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ પેથાપુરના ભક્ત વરસાખોર સારા સત્સંગી હતા. વૃદ્ધ થયા એટલે તેમની દીકરીએ તેમની સારી સેવા કરી તે સમયે વરસાખોરના મનમાં અંતિમ ચિંતવન શું થયું.

પ્ર. ૨ ''પછી કાઠીએ સજ્યાં કેકાણ, માંડ્યા ધણમૂલે ઘોડે પલાણ. હાં હાં કરતા ગુર્જરઘર આવ્યા, કરજીસણ જઈ સંત બોલાવ્યા.'' - ભક્તચિંતામણીના ક્યા પ્રકરણની કડીઓ છે ?

પ્ર. ૩ કોની કોની પાસે ખાલી હાથે ન જવું ?

પ્ર. ૪ શ્રીજી મહારાજ ઉનાવામાં બિરાજમાન હતા. તેમની સાથે ગામ વિહારના ભક્ત પિતામ્બર ત્રવાડી ફરતા હતા. તેમને દીક્ષા આપીને શું નામ પાડ્યું ?

પ્ર. ૫ ''માન મરડાઈ મોટપ મેલી ભજી લે હરિ, નહી તો જાઈશ ચોરાશીમાં જનમ બહું ધરી.''

પ્ર. ૬ વચનામૃતમાં મહારાજે કહ્યું એવી દૃઢ આસક્તિ ભગવાનને વિષે શા થકી થાય છે ?''

પ્ર. ૭ ક્યા સ્થાનોમાં મળમૂત્ર ન કરવા ને થૂંકવું નહિ ?

## મે-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. મુક્તાનંદ સ્વામી. (૨) ગ.પ્ર. ૧૦ મું. (૩) મહારાજ ઘોડી પર લાંબા થઈ ગયા. (૪) ઉનાવા. (૫) પાંચ વખત. (૬) થોડો ક્રોધ પણ દુઃખદાઈ છે. (૭) સુખને કરે તેને શંકર કહીએ.

૧ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૨ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૩ શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદસજી (જમિયતપુરા)
૪ ગવૈયા સી.પી. સ્વામી (માણસા)
૫ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૬ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૭ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૮ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૯ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૦ શોભના કિશોરભાઈ (સુરેન્દ્રનગર)
૧૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૩ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૧૪ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૧૫ બ્રહ્મક્ષત્રિય મહેશભાઈ ભગવાનદાસ (રાણીપ)
૧૬ હડિયલ અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ (ખસ)
૧૭ પટેલ કિંજલ પરેશભાઈ (આણંદપુરા)
૧૮ સુથાર સુધા પરેશભાઈ (ઝુલાસણ)
૧૯ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૦ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૧ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર જુનું બહેનોનું (મોરબી)
૨૩ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૨૪ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૨૫ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૬ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (લાંધણજ)
૨૭ ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંધણજ)
૨૮ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૨૯ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૦ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૩૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૨ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૩ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૪ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર મંદિર હવેલી)
૩૫ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૬ સાધુ પ્રેમપ્રકાશદાસજી ગુરુ જગદીશપ્રસાદદાસજી (ઈડર)
૩૭ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૩૮ પટેલ પસાભાઈ કાનદાસ (ડાંગરવા)
૩૯ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૦ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૪૧ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૨ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૪૩ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર મુળી દેશ)
૪૪ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૪૫ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪૬ મોદી ભરતભાઈ અમૃતભાઈ (માણસા)
૪૭ સાં.યો. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર-ઓઢવ)
૪૮ સાધુ ધર્મકિશોરદાસજી ગુરુ સ્વામી લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ-બાપુનગર)
૪૯ ઓચ્છવમંડળ શ્રી સ્વામિ. મંદિર (એપ્રોચ-બાપુનગર)
૫૦ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૫૧ સાં.યો. કંચનબા તથા સાં.યો. કુન્દનબા (મેડા)
૫૨ ઘર સભા બહેનો (લુણાવાડા)
૫૩ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૫૪ પટેલ ભાવનાબેન નટવરભાઈ મુબારકપુર)

# સત્સંગ સમાચાર

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ**

પરબ્રહ્મ પરમ કૃપાળુ ઈષ્ટદેવ સર્વોપરીશ્રી સ્વામિનારાયણ ભગવાનની અલૌકિક કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ.સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી મલાડ મુંબઈના સમસ્ત મહિલા મંડળના યજમાનપદે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં સ.ગુ. શતાનંદમુનિ રચિત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ વૈશાખ સુદ-૧ તા. ૩૦-૪-૧૪ થી વૈશાખ સુદ-૭ તા. ૬-૫-૧૪ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના સુમધુર તાલ સાથે થઈ હતી. સહિંતાપાઠમાં સ.ગુ. શા. સ્વા. ધર્મજીવનદાસજી બિરાજ્યા હતા.

સભાપતિનું સફળ સંચાલન સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઉત્તમચરણદાસજી (ભુજ-કચ્છ)એ શોભાવ્યું હતું. કથા દરમ્યાન આવતા ઉત્સવો પ્રસાદીના સભા મંડપમાં ધામધૂમથી ઉજવાયા હતા. કથાના સાતેય દિવસ ઠાકોરજીને થાળ-સંત-વર્ણી પાર્ષદોને રસોઈ, ધર્મકુળની સેવા આદિ થયા હતા. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવમાં પણ યજમાનો દ્વારા સારી સેવા નોંધવામાં આવી હતી. કથા દરમ્યાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કથા શ્રવણ કરી ખૂબજ રાજી થયા હતા. પૂર્ણાહુતિના દિને પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને પારાયણના યજમાનો ઉપર અતિ પ્રસન્ન થઈ સરસ ઉપદેશાત્મક દ્રષ્ટાંત આપી રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ હવેલીમાં કથાશ્રવણ કરવા પધારતા હતા અને યજમાન મુંબઈ-મલાડના બહેનો પર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર પારાયણ દરમ્યાન સ.ગુ. સ્વામી હરિચરણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, રામ સ્વામી, આદિ સંત-પાર્ષદ મંડળે ખડે પગે સેવા બજાવી હતી. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદસ)

**શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં જનતાનગર ચાંદખેડાથી શ્રી નરનારાયણદેવ દર્શનાર્થે પદયાત્રા**

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૪-૫-૧૪ ના રોજ જનતાનગર ચાંદખેડા થી ૪૧ ભાઈ-બહેનો અમદાવાદ શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા યોજી હતી. રસ્તામાં નારાયણઘાટ મંદિર દર્શન કર્યા ત્યારે પૂ. શા.પી.પી. સ્વામીએ સમગ્ર પદયાત્રીઓનું ફુલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યાંથી બેન્ડવાજા સાથે મહામંત્ર ધૂન કરતા કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના દર્શન કરી પદયાત્રા પૂર્ણ કરી હતી. પદયાત્રાના આયોજકોમાં શ્રી ભીખાભાઈ પ્રજાપતિ, શ્રી પૂરવ પટેલ અને શ્રી વિષ્ણુભાઈ પટેલ રહ્યાં હતા. (ભીખાભાઈ પ્રજાપતી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદસહ આજ્ઞાથી તથા અત્રેના મહંત સ.ગુ. શા. અખિલેશ્વરદાસજીની પ્રેરણાથી મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૫ મો પાટોત્સવ શ્રી પ્રદિપાબેન નારણભાઈ પટેલ (પીજ. અમદાવાદ)ના યજમાન પદે ધામધૂમથી સપન્ન થયો. આ પ્રસંગે હોમાત્મક મહાપૂજામાં ૨૫ હરિભક્તોએ લાભ લીધો હતો. યજમાન પરિવાર તરફથી ઠાકોરજીને વાઘા અને ચાંદીનો સોનાથી મઢેલ હાર અર્પણ કર્યો હતો. પાટોત્સવના શુભ દિને યજમાન દ્વારા ઠાકોરજીનું પૂજન અર્ચન બાદ સભામાં ભુજ, પ્રયાગ, વડતાલ, બામરોલી અને મથુરા આદિ ધામોના સંતો પૈકી સ.ગુ. સ્વા. નારાયણસ્વરૂપદાસજી, શા.સ્વા. અક્ષરપ્રકાશદાસજી, કે.પી. સ્વામી (માંડવી કચ્છ) અને મથુરના મહંત સ્વામીએ ભૂદેવો સાથે રહીને ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક કરી શણગાર આરતી અને અન્નકૂટ આરતી કરી હતી. સૌને પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

પ્રસંગમાં વ્યવસ્થામાં કો. સ્વા. સર્વેશ્વરદાસ, પૂજારી વિશ્વેશ્વરદાસ, ગિરનારી સ્વામી, બામરોલી મહંત સ્વામી, આત્મરામ ભગત, પા. બાબુ ભગત (અમદાવાદ) આદિ સંત પાર્ષદ મંડળ જોડાયા હતા.

શા. સ્વા. અક્ષરપ્રકાશદાસજી (માંડવી) અને મહંત સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. યજમાન પરિવારને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રીજી મહારાજની મૂર્તિ ભેટ રૂપે આપીને રાજી કર્યા હતા. (કો. સર્વેશ્વરદાસજી)

**વિહાર ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના ચરણોથી પાવન ભૂમિ વિહાર ગામે તા. ૯-૫-૧૪ થી તા. ૧૨-૫-૧૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ.

અત્રેના પ.ભ. કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ અને અ.સૌ. રઈબેન કેશવલાલ પટેલની જીવત ચર્યા નિમિત્તે ચિ. રાજેશભાઈ, અમૃતભાઈ અને ભરતભાઈએ શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન કર્યું હતું. કથા પ્રસંગમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રી રૂક્ષ્મણિ વિવાહમાં વરપક્ષની જાન કુકરવાડા ગામેથી આવી હતી. ખૂબજ ધામધૂમથી લગ્ન ઉજવાયા.

છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સૌ પ્રથમ ભાઈઓ અને બહેનોના મંદિરમાં આરતી ઉતારી યજમાનશ્રીના ઘરે પધરામણી કરી સભામાં પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિની આરતી કરી હતી. સાથે યજમાન પરિવાર જોડાયો હતો.

પ્રાસંગિક સભામાં કાલુપુર મંદિરથી પધારેલા પૂ. મહંત સ્વામી, દેવ સ્વામી, બ્ર. રાજુ સ્વામી, સત્યસંકલ્પ સ્વામી આદિ સંતોની અમૃત વાણી બાદ પ.ભ. કેશવલાલ દાદાનું સન્માન કરવામાં આવ્યું. આ સમગ્ર પ્રસંગ શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં

કરવામાં આવેલ જેથી સમગ્ર ગામે ઉત્સવમાં અદ્‌ભુત સેવા કરી હતી. પ્રસંગમાં નિલકંઠ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. સભા સંચાલન મહંત શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) એ કર્યું હતું.

(સમસ્ત ગાટુડિયા પરિવાર વિહાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર) ૧૪ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતીનો ૧૪ મો પાટોત્સવ તા. ૯-૫-૧૪ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ પરિવાર રહ્યાં હતા. પ્રાતઃ ઠાકોરજીના અભિષેક અને અન્નકૂટના દર્શન હરિભક્તોએ કરી ધન્ય બન્યા હતા. પ્રાસંગિક સભામાં શા. રામ સ્વામી, શા. અભય સ્વામી, શા. છપૈયાપ્રસાદદાસજી, પુરાણી ધર્મજીવનદાસજી, હરિજીવન સ્વામી, બળદેવ સ્વામી આદિ સંતોએ પ્રેરક અમૃતવાણી અને કીર્તન ભક્તિ કરી હતી. સભામાં શ્રી નરનારાયણદેવ મહામહોત્સવની રૂપરેખા સમજાવી હતી. પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સાબરમતી વિસ્તારના હરિભક્તોનો દાન-ધર્માદો ઉત્તરોત્તર વધતો જાય છે. ધન્ય છે ભક્તોને !

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર)

**ગવાડા ગામે ભવ્ય પદયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સંતોની પ્રેરણાથી શ્રીહરિના ચરણોથી પાવન પ્રસાદીભૂત ગવાડા ગામથી જેતલપુરધામ તા. ૨૫-૪-૧૪ થી તા. ૨૮-૪-૧૪ પર્યન્ત શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં ભવ્ય પદયાત્રા યોજી હતી. તા. ૨૫-૪-૧૪ના સાંજે ૫-૦૦ કલાકે કોટેશ્વરથી શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને દિવ્યપ્રકાશ સ્વામીએ ઠાકોરજીની આરતી ઉતારીને આશીર્વાદ આપી પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર પદયાત્રામાં શહેરમાં વસતા અને રસ્તામાં આવતા ભક્તો પણ જોડાયા હતા. તા. ૨૮-૪-૧૪ના પદયાત્રા સંઘ જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી પદયાત્રા પૂર્ણ કરી હતી.

(નારણભાઈ પટેલ, ગવાડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) ૧૫ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સંતોની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ તાબાના મેમનગર (ભક્તિનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૨-૫-૧૪ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના યજમાન પ.ભ. જયંતીલાલ છગનલાલ પટેલ હ. સંજયકુમાર, સૌરભકુમાર આદિ પરિવારે લાભ લીધો હતો. પ્રાતઃ સંતોએ ઠાકોરજીનું પૂજન આદી કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થયું હતું. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અભિષેકની આરતી થઈ હતી.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી, છપૈયા સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, આનંદ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી આદિ સંતોની પ્રેરક વાણી બાદ યજમાનશ્રી અને મહેમાન હરિભક્તોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (સમસ્ત સત્સંગ સમાજ ભક્તિનગર મેમનગર)

**દિયોદર ગામે (બનાસકાંઠામાં) શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી બનાસકાંઠાના દિયોદર ગામે તા. ૨૫-૪-૧૪ ને એકાદશીના દિને શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં રાત્રીના ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી સત્સંગ સભાનું આયોજન થયું હતું. જેમાં નારણઘાટથી શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, શા. છપૈયાપ્રસાદદાસજી તથા આ વિસ્તારમાં સતત કથાનો લાભ આપતા શા. મુનિ સ્વામી વગેરે સંતોએ હરિભક્તોને કથા વાર્તા કરી ઉત્સવની માહિતી પુરી પાડી હતી. આ સભામાં ડીસા, પાલનપુર આદિથી ભક્તો લાભ લેવા પધાર્યા હતા. (દિલીપભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાદરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈટાદરા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૭-૪-૧૪ ના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦ દરમ્યાન શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં નારણઘાટથી શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી તથા પ.ભ. મહેન્દ્રભાઈ (હિરાવાડી) તથા યાસીનભાઈ (માણસા) આદિ સંત હરિભક્તોએ કથા વાર્તા કીર્તન ભક્તિ કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી ઈટાદરા)

**શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા-પદયાત્રા એપ્રોચ શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામી ની પ્રેરણાથી આગામી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ, એપ્રોચ મંદિર દશાબ્દી મહોત્સવને હર્ષદ કોલોની મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨-૫-૧૪ ના રોજ રાત્રી સત્સંગ સભા, તથા એપ્રોચ મંદિરથી વહેલા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સુધીની પદયાત્રા યોજવામાં આવી હતી. સત્સંગ સભામાં ગાયક કલાકારશ્રી પૂરવ પટેલ તથા મયંક મોદીએ નંદ સંતો રચિત સુંદર રાગમાં કીર્તનો ગાઈને સૌને આનંદિત કર્યા હતા. તેમજ એપ્રોચ મંદિર, કોટેશ્વર ગુરુકુળના સંતો અને કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીએ સત્સંગ પોષક પ્રવચન કર્યું હતું. શા. પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)એ સભા સંચાલન કર્યું હતું.

પદયાત્રામાં એપ્રોચ મંદિરના બે સંતો સહિત કુલ ૩૦૦ ભક્તો મહામંત્ર ધૂન કરતા કરતા નારણઘાટ મંદિર, નવા વાડજ મંદિર, નારણપુરા મંદિર દર્શન કરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન કર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ દરેક પદયાત્રીને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરા પ્રથમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરાનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો. સ.ગુ.

મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા)ની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. વિનુભાઈ રેવા ભાઈ પટેલ હ. દિપેન્સભાઈ વિનુભાઈ તથા અ.નિ. માધુભાઈ કોહ્યાંભાઈ પટેલ હ. વિજયભાઈ માધુભાઈ પટેલ યજમાનપદે રહ્યાં હતા. જેમના તરફથી ઠાકોરજીને મહાભિષેક, અન્નકૂટ તથા સમગ્ર ગામને પ્રસાદ જમાડવામાં આવેલ. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા સૌ પ્રથમ તેઓશ્રીએ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. સભામાં કોટેશ્વરના શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા શા. દિવ્યપ્રકાશદાસજીએ કથાનો સુંદર લાભ આપેલ. શા. હરિજીવનદાસજી તથા મથુરા મહંત સ્વામીના પ્રેરણાત્મક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સમગ્ર ગામ વતી કોઠારી રમણભાઈએ પુષ્પહાર પહેરાવી પૂજન કર્યું હતું. સમગ્ર પ્રસંગમાં પૂજારી વિશ્વેશ્વરદાસ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉતારે જશુભાઈ (માધવગઢ)એ સેવા બજાવી હતી. તેમજ સાયરા, ધનસુરા, બાયડ, મોડાસા, રડોદરા, આકરૂંદ અને ડેમાઈના ભક્તોએ સેવા કરી હતી. દરેક મંદિરના કોઠારીશ્રીઓ અને યજમાનશ્રીઓ અને જલ સેવા કરનાર પ.ભ. જીજ્ઞેશભાઈ એન. પટેલ (મોડાસા) આદિને પ.પૂ. લાલજી મહારાજશ્રી હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. મથુરા મહંત સ્વામીએ આભારવિધિ કરી હતી. છેલ્લે સૌને મીઠી ટકોર સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (સાધુ આનંદસ્વરૂપદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારનો ૯ મો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારમાં ૯ માં પાટોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. પાટોત્સવના યજમાન પદે પ.ભ. હિતેન્દ્રભાઈ પટેલ પરિવાર (નડિયાદવાળા) રહ્યાં હતાં.

વૈશાખ સુદ-૧૫ ના ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક-મહાપૂજા આરતી સંતો દ્વારા કરવામાં આવી હતી. સાથે યજમાન પરિવાર પણ જોડાયા હતાં. સમગ્ર પ્રસંગમાં શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજી, શ્રીજી સ્વામી, મુક્તરાજ સ્વામી, વિશ્વેશ્વર સ્વામી, હાર્દિક ભગત તથા હરિદ્વાર મંદિરના મેનેજર શ્રી કૌશિક પટેલ તથા નિકુંજભાઈ આદિએ સુંદર વ્યવસ્થા કરી હતી.

(હાર્દિક ભગત)

**માંડલ ગામે મહિલા સત્સંગ શિબિર**

શ્રી નરનારાયણદેવ મહા મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ દ્વારા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં તા. ૧૬-૪-૧૪ ના રોજ ભવ્ય સત્સંગ મહિલા શિબિરનું સુંદર આયોજન થયું. જેમાં ધામોધામના સાંખ્યયોગી બહેનોએ કથા વાર્તાનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં મૂર્તિપૂજા વિષે વિસ્તૃત સમજણ આપી હતી. શિબિરમાં પાટડીના સાં. શાંતાબા, રંજનબા, હંસાબા અને કાલીયાણાના બબુબાએ સારી સેવા કરી હતી. તેમજ વિરમગામ, જેતલપુર, વિસનગર, સુરેન્દ્રનગર વગેરે ધામોથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સમગ્ર શિબિરમાં મોરી પથુભાઈ, રાધાબેન, દક્ષાબેન, મનીષાબેન અને સોનલબેન આદિએ યજમાન બની લાભ લીધો હતો.

**માંડલ મંદિરનો ૧૦૨ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૨ મો પાટોત્સવ તા. ૯-૪-૧૪ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર) મહંતશ્રી વી.પી. સ્વામી (કલોલ) તથા જેતલપુર ઠાકોરજીના પૂજારી બ્ર. પૂર્ણાનંદજીએ ઠાકોરજીને અભિષેક કરી આરતી ઉતારી હતી. સંતોએ હરિભક્તોને કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. પાટોત્સવના યજમાન પ.ભ. ભગવાનદાસ અંબારામભાઈ રહ્યાં હતા. (મુકેશભાઈ પટેલ કોઠારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા ખાતે તા. ૨૬-૪-૧૪ ના રોજ શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં શા. માધવ સ્વામી અને પાર્ષદ જસુ ભગતે કથાવાર્તાનો લાભ આપેલ. ટાંકીયા, વડુ અને કરજીસણના હરિભક્તોએ લાભ લીધો હતો. સભાના યજમાન શ્રી ખુમાનસિંહ તથા વજેસિંહ ચૌહાણ રહ્યાં હતા. (કોઠારી મહેન્દ્રસિંહ)

**૪૨ માં પ્રાકટ્યોત્સવ અંતર્ગત ધમાસણા ગામે ૨૪ કલાકની અખંડ ધૂન તથા શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં મહાપૂજા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૨ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોએ સાથે મળી સતત ૨૪ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. શ્રી નરનારાયણદેવ મહા મહોત્સવના ઉપલક્ષમાં સમૂહ મહાપૂજા શા. સ્વામી અભયપ્રકાશદાસજી (નારણઘાટ)એ કરાવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. (કોઠારી પોપટભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ચતુર્થ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈ (ટ્રસ્ટીશ્રી) તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી હર્ષદ કોલોની શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૪ થો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૧-૫-૧૪ થી તા. ૧૭-૫-૧૪ પર્યન્ત પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનો હજારો શ્રોતાભક્તોએ લાભ લીધો હતો.

કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા. શ્રી જયેશભાઈ સોની (કીર્તન કાર)એ સુમધુર કંઠે કીર્તન ભક્તિનો લાભ આપેલ. કથામાં એપ્રોચ મંદિરના સંતો બન્ને સમય તેમજ ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડીયા પણ કથા શ્રવણ કરવા પધાર્યા હતા.

૧૫૦ ભક્તોએ મહાપૂજામાં લાભ લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપેલ. ઠાકોરજીને અન્નકૂટ ધરાવીને દર્શન કરાવ્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે સભામાં ધામોધામના સંતોની અમૃતવાણીબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. પારાયણના યજમાન પ.ભ. નરસિંહભાઈ નારણભાઈ ભંડેરી આદિક ઘણા ભક્તોએ નાની મોટી સેવા કરી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

### આણંદપુરા (કડી) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાં. કમળાબાની પ્રેરણાથી સમસ્ત મહિલા મંડળ તરફથી અત્રે આનંદપુરા ગામે પાટોત્સવ પ્રસંગે તા. ૫-૫-૧૪ થી તા. ૯-૫-૧૪ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાં. કોકીલાબાના વક્તાપદે થઈ હતી. કથામાં આવતા ઉત્સવો વિધિવત રીતે ઉજવાયા હતા.

તા. ૯-૫-૧૪ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને અલૌકિક લાભ આપીને કથાની પૂર્ણાહુતિની આરતી કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સભા સંચાલન સાં. ઉષાબાએ કર્યું હતું. પાટોત્સવના દર્શન, કથાશ્રવણ કરી બહેનો ધન્ય ધન્ય બન્યા હતા. (જ્યોત્સનાબેન પટેલ)

### શાહીબાગ વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના સંતો શા. સ્વામી રામકૃષ્ણદાસજી, સ્વામી બાલસ્વરૂપદાસજી આદિ સંત મંડળ દ્વારા તા. ૯-૫-૧૪ ને શનિવારે રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન શાહીબાગ ખાતે આગામી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં મહામંત્ર ધૂન, કીર્તન ભક્તિ કથાવાર્તાનો સુંદર લાભ આપેલ. સત્સંગ સભાના યજમાન પ.ભ. બાબુભાઈ સાંકળચંદ પટેલ (વિહાર) રહ્યાં હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી.

(સુધીરભાઈ ચોકસી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજ.) દ્વારા આયોજીત સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ અને ત્રિદિનાત્મક પુરૂષોત્તમ પ્રકાશ પારાયણ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મારવાડ પ્રદેશના શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી ધામમાં સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ એવં ત્રિદિનાત્મક શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણનું સુંદર આયોજન સંપન્ન થયું. કથાના વક્તાપદે સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) એ વિરાજીને મરુભૂમિના હજારો ધર્મકુળ આશ્રિતોને કથાશ્રવણ કરાવીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે તા. ૧૨-૫-૧૪ ના રોજ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે વાલીના અને આજુબાજુના ગામોના ભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. તેઓશ્રીએ સંત હરિભક્તો ઉપર ખૂબજ રાજી થઈ શ્રી નરનારાયણદેવની નિષ્ઠા રાખજ્યો તેમ જણાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૩-૫-૧૪ ના કથાના બીજે દિવસે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા પધાર્યા હતા. ભવ્ય સુશોભિત શોભાયાત્રામાં બિરાજમાન થઈ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમગ્ર મારવાડના શિરમોર સત્સંગને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. બહેનોને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ દર્શન આશીર્વાદ આપી રાજી કર્યા હતા.

તા. ૧૪-૫-૧૪ ને પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થતા જ વાલી દેશના સૌ સંત હરિભક્તો ખૂબજ આનંદમાં ગરકાવ થઈ ગયા હતા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ ઠાકોરજીની અન્નકૂટ આરતી કરી હતી. ત્યાંથી વાલી પાસેના મેડા અને પમાના ગામના મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા કરી આરતી ઉતારીને બન્ને મંદિર દર્શનાર્થે ખુલ્લા મુક્યા હતા. ત્યાંથી અત્રે પ્રસંગમાં સભા પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે ભગવાનની ભક્તિ નિષ્કામ ભાવે કરજ્યો. તેમ કહી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવ પ્રસંગમાં અમદાવાદ, વડતાલ, જેતલપુર, સિધ્ધપુર, મહેસાણા અને ઈડર આદિ ધામોથી સંતો પધાર્યા હતા.

સમગ્ર મહોત્સવમાં મહંત સ્વામી દેવપ્રસાદદાસજી, કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી અને શ્રી ધર્મકુળ આશ્રિત શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ વાલી (રાજ.) હાલ મુંબઈના સર્વે હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. સમગ્ર પ્રસંગમાં સભા સંચાલન શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (સિધ્ધપુર) તથા શાસ્ત્રી સ્વામી વિજયપ્રકાશદાસે (વાલી) સંભાળ્યું હતું. આ મહોત્સવમાં વાલી અને આજુબાજુના ગામના તમામ હરિભક્તોએ અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. (કિશનભાઈ માલી, પ્રમુખશ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ, મુંબઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) રામપરા પ્રથમ પાટોત્સવ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાં. કમળાબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) રામપરાનો પ્રથમ પાટોત્સવ તા. ૨૨-૪-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે આયોજીત સમૂહ મહાપૂજામાં ૧૨૫ બહેનોએ લાભ લીધો. પ્રાતઃ શ્રી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક તથા અન્નકૂટ આરતી થઈ હતી. આયોજીત સભામાં સાં. હિરાબા, સાં. કોકીલાબા, ઉષાબા, ગોપીબા, લલીતાબા આદિએ કથાનો લાભ આપેલ. રાત્રે નંદ સંતો રચિત રાસગરબા ધામધૂમથી થયા હતા. સૌ ભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

(કોઠારીશ્રી રામપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેર પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. કમળાબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેરનો બીજો પાટોત્સવ તા. ૧૦-૪-૧૪ ના રોજ ઉજવાયો.

આ પ્રસંગે તા. ૮-૪-૧૪ થી તા. ૧૦-૪-૧૪ પર્યન્ત સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. જેમાં સાં. કોકીલાબા, ઉષાબા, જયાબા અને વિજયાબાએ કથાનો લાભ આપેલ. તા. ૧૦-૪-૧૪ ના ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને મહાપૂજા થઈ હતી. જેમાં ૧૫૦ બહેનોએ લાભ લીધો હતો.

ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. સભા સંચાલન સાં. વિજયાબાએ સંભાળ્યું હતું. (સાં. જયાબા વાંકાનેર)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન

શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૨ એપ્રિલ સાંજે ઈસોના દરેક મંદિરોના સંતોની શુભ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. મંદિર અને ભગવાનના સિંહાસનને સુંદર રીતે સજાવવામાં આવ્યું હતું. મહંત સ્વામી વિશ્વવલ્લભદાસ અને શ્રીજી સ્વામીએ સભામાં સર્વોપરી ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય કીર્તન ભક્તિ આદિ કર્યા હતા. યુવાન હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. યજમાનોનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કંટકીલુઇઝ વિલે

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈઝવિલે કંટકી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. સ્વા. ધર્મવલ્લભદાસજી તથા શા. હરિનંદન સ્વામીની પ્રેરણાથી એપ્રિલના પહેલા વિકેન્ડ શનિવારે સાંજના રામનવમી / શ્રીહરિ પ્રાકટ્યોત્સવની ધામધૂમથી ઉજવણી કરી હતી. મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. અને ધૂન-ભજન-કીર્તન કર્યા હતા. અહીં ટુંક સમયમાં નૂતન મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થશે. યજમાનોનું પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું. વિનુભાઈ પટેલે મૂર્તિ પ્રતિષ્ઠાની માહિતી આપી હતી. છેલ્લે ઠાકોરજીના થાળ-આરતી નિત્ય નિયમ કર્યા હતા. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી સૌ હરિભક્તોએ સાથે મળી આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. મહંત સ્વામીએ કથા દ્વારા ધર્મકુળનું સુંદર માહાત્મય સમજાવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા થયેલા સત્સંગના અનેક વિધ કાર્યો - પ્રસંગો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, દેશ પરદેશમાં મંદિરો આદિ કાર્યોને યાદ કર્યા હતા. યુવા - બાળ હરિભક્તોએ સુંદર કેક બનાવીને પ.પૂ. મોટા મહારાજશ્રીના જયજયકાર સાથે પ્રાકટ્યોત્સવ મનાવ્યો હતો. યજમાન પરિવાર અને સૌ સંત-હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી સૌએ ઠાકોરજીની આરતી નિત્ય નિયમ બાદ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણભાઈ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ઓસ્ટ્રેલીયા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૯ થી ૨૧ એપ્રિલ-૨૦૧૪ ના શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની માં બિરાજમાન ઠાકોરજીનો ૯ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે આપણા અમદાવાદ કાલુપુર મંદિરના સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સ્વા. સૂર્યપ્રકાશદાસજી (મૂળી) અને સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ બાપુનગર) આદિ સંતો પધાર્યા હતા. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણની ત્રિદિનાત્મક કથા પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. અદ્ભુત કથા અને પવિત્ર નિઃસ્પૃહી સંતના કંઠે કથાનું શ્રવણ કરી હરિભક્તો ભાવ વિભોર થયા હતા. કીર્તનકાર વિનોદભાઈ પટેલે કીર્તન ભક્તિ કરી હતી. કથામાં આવતા પ્રસંગોમાં શ્રી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. પ્રશ્નોતરી (ક્વીઝ)માં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તા. ૨૧-૪-૧૪ ના રોજ પૂજ્ય સંતો દ્વારા સર્વોપરી શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક-અન્નકૂટ આરતી થયા હતા. આ પ્રસંગે અહીંના ડૉ. લી એન.પી. હરિભક્તોના આમંત્રણથી ખાસ પધાર્યા હતા. દરેક નાના-મોટા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી પ્રસંગને દિપાવ્યો હતો. છેલ્લે સૌ ભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સીડની)

### શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે લેસ્ટર મંદિરમાં તા. ૯-૪-૧૪ ને ચૈત્ર સુદ-૯ ના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ રામનવમી સવારના ૧૦ થી ૧૨ વિધિવત રીતે ઉજવાયા. સાંજે સભામાં હરિભક્તો દ્વારા કીર્તન ભક્તિ કથા અને સાંજના ૮ વાગે પ્રાકટ્યોત્સવ આરતી અને ત્યારબાદ રાસ રમ્યા હતા. સુંદર મજાની કેક કાપીને યજમાન પરિવાર અને હરિભક્તોએ સાથે મળી પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો. યજમાન પદે શ્રી લલીતભાઈ જગડા, શ્રી નયનાબેન રામલાણી પરિવારે લાભ લીધો હતો. શ્રી કાર્તિકભાઈ મહેન્દ્રભાઈ પટેલ અને હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. પૂજારી ભૂપતભાઈ અને કમલેશભાઈએ પણ સેવા બજાવી હતી.

(કિરણ ભાવસાર, સહમંત્રી લેસ્ટર)

### શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી શ્રી સહજાનંદ ષષ્ટિ પૂર્તિ મહોત્સવ

આપણા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના અ.નિ.સ.ગુ. મહંત સ્વામી શ્રી વલ્લભદાસજી તથા અ.નિ. મહંત સ.ગુ. શા. સ્વામી ધર્મજીવનદાસજીના માર્ગદર્શન પ્રેરણા આશીર્વાદથી કેનીયાના પાટનગર નાઈરોબી શહેરમાં કિરિન્યાગા રોડ પર ઈ.સ. ૧૯૫૪ માં શરદ પૂનમના શુભ દિને શ્રી ક.સ. સ્વા. મંદિરની સ્થાપના થઈ હતી જેને ૬૦ વર્ષ પૂર્ણ થતા શ્રી સહજાનંદ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તા. ૬-૧૦-૨૦૧૪ થી તા. ૧૨-૧૦-૨૦૧૪ પર્યન્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવવામાં આવશે. તા. ૫-૧૦-૧૪ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા - પોથીયાત્રા યોજાશે. ભુજના સંતો, વ્યાસાસને વિરાજી કથામૃત પાન કરાવશે. આ મહોત્સવમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન, સંતોના દર્શન અને કથા શ્રવણ કરવા પધારવા હાર્દિક આમંત્રણ છે.

દરરોજ કથા પારાયણ ઉપરાંત રાસોત્સવ, મહિલા મંચ, બાલમંચ, ભજન સંધ્યા વિગેરે કાર્યક્રમ થશે.

(મંત્રીશ્રી નારણભાઈ ગોરસીઆ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાંબુડા
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ નાઈરોબી
ચિ. સ્નેહાને ત્યાં પુત્ર વિવાનના જન્મ પ્રસંગે
૧૦૦/- પટેલ વરૂણ નિમિષ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ વસંતભાઈ સીતારામ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પીઠવા સમર્થ નિલેશભાઈ જન્મ દિને સુરત
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૧/- અ.નિ. પટેલ રમેશચંદ્ર બાબરભાઈ નાંદોલ
પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- ઠક્કર ઘનશ્યામભાઈ પી. એનિવર્સી નિમિત્તે અમદાવાદ
૧૦૦/- સોની કિશોરભાઈ ચુનીલાલ ચિ. અલ્પેશના લગ્ન પ્રસંગે નરોડા
૧૦૧/- પટેલ તારાબેન અમરતલાલ શ્રીજી પ્રસન્નાર્થે દેઉસણા
૨૦૦/- પટેલ પંકજકુમાર અરવિંદભાઈ કરજીસણ
અમેરિકામાં સ્ટોર નિમિત્તે
૨૦૦/- પટેલ મનુભાઈ નરસીભાઈ જન્મ દિને બાયડ
૫૦૦/- પટેલ પંકજભાઈ તથા રિંકલબેન લગ્ન તિથિ નિમિત્તે સાબરમતી
૨૦૦/- પટેલ ગોરધનભાઈ નારણભાઈ શિલ્કીનીના લગ્ન નિમિત્તે ઉનાવા
૧૦૧/- બ્રહ્મભટ્ટ કનુભાઈ વાસુદેવભાઈ અમદાવાદ
તા. ૪-૪-૧૪ અક્ષરવાસ નિમિત્તે
૫૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ આણંદપુરવાળા
ચિ. દિવાકરને રિલા. ટેલીકોમમાં જોબ નિમિત્તે
૫૦૦/- પટેલ પાર્થ યશવંતભાઈ બહેનના ભાણાને પ્રથમ દર્શન નિમિત્તે વેડા
૧૦૦/- પટેલ કનુભાઈ પરસોતમદાસ જન્મ દિને માધવગઢ
૧૦૦/- પટેલ વિમલકુમાર જયંતીભાઈ ચિ. અયાનના જન્મ દિને ચાંદખેડા
૧૫૦/- મકવાણા હેતલ અંકિતભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ સ્નેહલ ચંદુભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે બોપલ
૧૦૧/- પટેલ ધર્મેન્દ્ર જે. લગ્ન તિથિ નિમિત્તે બોપલ
૧૦૧/- ચાવડા ઘનશ્યામ રણછોડભાઈ અમદાવાદ
ન્યુઝિલેન્ડ અભ્યાસાર્થે ગયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ભાવેશ શિવનારાયણ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૦૦/- પટેલ મેઘલ દિક્ષિતકુમાર ચિ. હેમના જન્મ નિમિત્તે સાબરમતી
૨૦૦/- પટેલ ખુશ્બુ રવિકુમાર સાબરમતી
અમેરિકાના બિજનેશ વિઝા નિમિત્તે
૧૫૧/- કા. ચિમનલાલ મણીલાલ લગ્ન તિથિ નિમિત્તે મુંબઈ
૧૦૦/- ચૌધરી હર્ષ જયંતીભાઈ જન્મ દિને બાલવા
૧૦૧/- પંચાલ મીતાબેન ઘનસ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પાલડી
૧૦૦/- પટેલ દર્શિત મનુભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- પટેલ વીણાબેન મનુભાઈ જન્મ દિને દહેગામ
૨૫૧/- પટેલ સૂરજ ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અંબાપુર
૧૦૦/- મીસ્ત્રી ઘનશ્યામભાઈ કાનજીભાઈ અમદાવાદ
નવું બાઈક લીધું તે નિમિત્તે
૨૦૧/- મોદી ભાવનાબેન મહેન્દ્રભાઈ પ્રાંતિજ
ચિ. કૌશલ અને ગોપીના લગ્ન નિમિત્તે
૧૦૦/- પટેલ શાંતિભાઈ મરઘાભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે રાણીપ
૨૫૦/- સોની મનસુખલાલ મગનલાલ જન્મ દિને ચોટીલાવાળા
૧૦૦/- શાહ મહેશભાઈ ભગવતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૧/- જાદવ અરૂણાબેન ખેંગારભાઈ
માલણપુરથી અમદાવાદ જેતલપુર પદયાત્રા નિમિત્તે
૧૦૧/- ચાવડા આશાબેન અજમલભાઈ
વઘાડા-કાલુપુર-જેતલપુર પદયાત્રા નિમિત્તે
૧૫૧/- ગાંગાણી હિર્તેષ મગનલાલ અમદાવાદ
M.S. ENT પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ દર્શન વિનોદભાઈ સગાઈ નિમિત્તે સાબરમતી
૧૦૦/- પટેલ ભાવિન મહેન્દ્રભાઈ ચિ. ભવ્યના જન્મ નિમિત્તે માણસા
૧૧૧/- મોદી રણછોડલાલ સૂરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૧/- મારવી મીના અભિષેક ચિ. વૈભવીના જન્મ નિમિત્તે સુરત
૧૦૧/- મારવી જીજ્ઞાશા યોગેશ ચિ. નિર્મલના જન્મ નિમિત્તે સુરત
૧૫૦/- પટેલ નટવરભાઈ મંગળદાસ શ્રીજી પ્રસન્નાર્થે વિહાર
૧૦૧/- મનાણી કુસુમબેન શાંતિભાઈ આંખમાં નેત્રમણી નિમિત્તે જીરાગઢ
૧૦૧/- મનાણી શાંતિભાઈ નારણભાઈ જીરાગઢ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૨૦૦/- પટેલ દિનાબેન વિક્રમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અંબાપુર
૨૦૧/- પટેલ નિમિષાબેન સંજયકુમાર ચિ. દક્ષના જન્મ દિને કાળીગામ
૨૦૧/- પટેલ ઘનશ્યામભાઈ પશાભાઈ ચિ. દક્ષના જન્મ દિને ચાંદખેડા
૨૦૧/- પટેલ સંજયભાઈ કનુભાઈ ચિ. દક્ષના જન્મ દિને કાળીગામ
૧૦૧/- રાઠોડ અવની અમિત જન્મ દિને મુંબઈ
૧૦૧/- પટેલ આરવ ધવલભાઈ જન્મ દિને દરિયાપુર
૧૦૦/- અ.નિ. કા. કલ્પનાબેન હસમુખભાઈ બાલાસિનોર
પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- વાઢેર જયાબેન એન. એરવાડા
જગદીશ-અસ્મિતા પાસ થયા તે નિમિત્તે
૧૫૦/- પટેલ પ્રદિપકુમાર ભગવાનદાસ બોર બનાવ્યો તે નિમિત્તે જાનવડ
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૧૦/- પટેલ જયેશકુમાર રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- ચાવડા દામજીભાઈ પારાયણ પ્રસંગે ધૂડકોટ
પ.પૂ. મહારાજશ્રી પધાર્યા તે નિમિત્તે
૧૦૦/- પોરીયા પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂડકોટ
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ લગ્ન તિથિ નિમિત્તે કલોલ
૧૧૦૧/- અ.નિ. પટેલ હર્ષિલકુમાર રાજેન્દ્રભાઈના સ્મરણાર્થે લસુન્દ્રા
૨૦૧/- અ.નિ. હિરાબેન ગોવિંદભાઈ ગોહેલના સ્મરણાર્થે ટીંબા
૧૦૦/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૨૦૦/- પટેલ ધનજીભાઈ મોહનભાઈ કરશનપુરા
ચિ. સ્મિત પાસ થયો તે નિમિત્તે
૧૦૧/- વાઘેલા માજુબા પથુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા ગીતાબા સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા પ્રકાશબા રાજેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા હેતલબા જયેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા જયશ્રીબા ગજેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- ચૌહાણ આયુશસિંહ વજેસિંહના સ્મરણાર્થે ટાંકીયા
૧૦૦/- મોરી જનકભાઈ કાનજીભાઈ કાલીયાણા
નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ હિમાંશુ જીતેન્દ્રકુમાર નવું બાઈક લાવ્યા તે નિમિત્તે પલસાણા
૫૦૧/- પટેલ દક્ષેશ પ્રહલાદભાઈ કેનેડાના વિઝા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ હરિભાઈ માધવલાલ ખેરોલ
તેમના પિતાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચિલોડા
૧૫૦/- ઠક્કર નરેન્દ્રભાઈ ચિમનલાલ નવી ગાડી નિમિત્તે કઠલાલ
૧૫૦૦/-અ.નિ. મોદી તારાબેન સોમાલાલના સ્મરણાર્થે સૈજપુર-બોઘા-અમદાવાદ
૧૦૦/- પટેલ હસમુખભાઈ ડાહ્યાભાઈ વ્યસન મુક્ત થયા તે નિમિત્તે માણસા
૧૦૧/- ભાવસાર પ્રફુલચંદ પરસોત્તમદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ચૌધરી કાંતિભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આમજા
૧૦૧/- પટેલ હર્ષકુમાર ઘનશ્યામભાઈ ચિ. હર્ષ - મિતને દર્શન કરાવ્યા તે નિમિત્તે ખેરોલ
૧૦૦/- પટેલ યુગ કલ્પિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૨૫૧/- રાઠોડ જીતેન્દ્રકુમાર ચિમનલાલ ચિ. વિશાલના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૦/- પટેલ શંકરભાઈ છગનભાઈ જન્મ દિને ધનસુરા
૧૧૧/- ભાવસાર દર્શના પ્રદિપભાઈ ચિ. પ્રિશાના જન્મ નિમિત્તે વિહારવાળા
૧૦૦/- લીંબાચીયા જગદીશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- અ.નિ. પટેલ ધીરૂભાઈ હીરાભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ ધરણીબેન ચંદ્રેશકુમાર જન્મ દિને તા. ૨૮-૬ આકરૂંદ
૫૦૦/- પટેલ મંજુલાબેન કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાળીયા
૧૦૧/- પટેલ જીતેન્દ્રકુમાર વલ્લવભાઈ નવી દુકાન નિમિત્તે રાયણીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ડૉ. કિરણ આર. ઠક્કર મેરેજ સેરીમની નિમિત્તે રાણીપ
૧૦૧/- ડૉ. કિરણભાઈ આર. ઠક્કર નવી ગાડી લીધી તે નિમિત્તે રાણીપ
૧૦૧/- ઠક્કર પ્રકાશભાઈ સોમચંદભાઈ હેમચંદભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મોદી આશાબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે માણસા
૧૦૦/- પટેલ રાજુભાઈ જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પરમાર જશુભાઈ ગોવિંદભાઈ ચિ. હરપાલને નોકરી મળી તે નિમિત્તે બળોલ
૨૦૦/- પટેલ ઉમંગ હસમુખલાલ અમેરિકાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે કલોલ
૧૦૧/- પટેલ અક્ષય શૈલેષભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦૦/-પટેલ અરવિંદભાઈ સોમદાસના સ્મરણાર્થે તેજપુરા (સઈજ)
૧૦૧/- પટેલ હીરબેન નિમેષભાઈ રેખાબેનની શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે દહેગામ
૫૦૧/- ડૉ. આસિત આર. પટેલ એમ.ડી.માં એડમીશન નિમિત્તે રનેલા
૧૦૧/- સોની અરવિંદભાઈ પ્રેમચંદભાઈ ચિ. ઝલકબેનના ચાંદલા નિમિત્તે ધ્રાંગધ્રા
૧૧૧/- પટેલ ભક્તિભાઈ પુંજલદાસ ભાજપની જીત નિમિત્તે દેઉસણા
૧૦૧/- ચૌહાણ પ્રાગજીભાઈ ધરમશીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૧/- વાઘેલા મગનભાઈ બેચરભાઈ ચિ. ચેતનના લગ્ન પ્રસંગે સુરત
૧૦૦/- પટેલ મિહીર જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણા
૨૫૧/- નાકરાણી જયેશ લધારામભાઈ શુભ લગ્ન પ્રસંગે અટલાદરા
૨૦૦/- શ્રી લક્ષ્મી એન્ટર પ્રાઈઝ શ્રીજી પ્રસન્નાર્થે બેંગ્લોર
૫૦૦/- પટેલ ડાહ્યાભાઈ બાભઈદાસ પરિવાર નવા બંગલાના વાસ્તુ નિમિત્તે ગવાડા
૧૦૧/- સુર દિપુભાઈ ગોવિંદભાઈ ચિ. મહાવીરની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે સુરેન્દ્રનગર
૧૦૧/- આચાર જૈનમ જતિનભાઈ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- જશુભાઈ પરષોત્તમભાઈ પટેલ વાવેતર નિમિત્તે માધવગઢ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**આકરૂંદ (પ્રાંતિજ દેશ) :** શ્રી નરનારાયણદેવના અણીશુદ્ધ નિષ્ઠાવાન પ.ભ. ચંદ્રેશભાઈ જસુભાઈ પટેલના કાકા પ.ભ. ધીરૂભાઈ હિરાભાઈ પટેલ તા. ૨૫-૪-૧૪ ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મારૂસણા :** શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ તા. ૨૬-૪-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. રવજીભાઈ વસ્તાભાઈ તા. ૨૭-૪-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટીંબા (મૂળીદેશ) :** મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના નિષ્ઠાવાન પ.ભ. હીરાબેન ગોવિંદભાઈ ગોહેલ તા. ૨૮-૪-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધરમપુર ખાખરીયા :** ધર્મકુળ અને શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. નાનીબા રામજીભાઈ વકીલ (ઉં. ૯૮ વર્ષ) તા. ૨૯-૪-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. કંચનબેન હિંમતલાલ વાઘેલા તા. ૩-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાના ઉભડા (તા. વિરમગામ) :** પ.ભ. ચંદ્રેશભાઈ ગણપતભાઈ પટેલ (ઉં. ૩૩ વર્ષ) તા. ૩-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાના ઉભડા (તા. વિરમગામ) :** પ.ભ. પ્રહલાદભાઈ નરોત્તમદાસ (ઉં. ૬૦ વર્ષ) પટેલ તા. ૭-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સૈજપુર બોઘા અમદાવાદ :** પ.ભ. તારાબેન સોમાલાલ મોદી તા. ૯-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વિસનગર :** પ.ભ. ઉદયનભાઈ મહારાજાના સસરાશ્રી બિપીનચંદ્ર ચંદ્રવદન મહેતા તા. ૧૭-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દેઉસણા (હાલ અમેરિકા) :** પ.ભ. નરોત્તમભાઈ જીવાભાઈ પટેલ તા. ૧૭-૫-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


















૧.શ્રી સ્વામિનારાયણ મંદિર ભાત મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. સાબરમતી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન. ૩. મેમનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન.૪ વડનગર મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી હરિ શતાબ્દી મહોત્સવ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને મહંત શા.સ્વામી નારાયણવલ્લભદાસજીને આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી અને યજમાનશ્રીઓને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં નીચેના ગામોમાં થયેલ પારાયણ તથા સત્સંગ સભાઓ - વિહાર, ઘાટલોડિયા, સૂરજ, મહાદેવનગર, હર્ષદ કોલોની - બાપુનગર અને ધમાસણા.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014




૧. શ્રી સ્વામિનારાયણ મંદિર-વાલી (રાજસ્થાન)માં સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ સાથે ગુરુમંત્ર આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તેમજ સમસ્ત સત્સંગને આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી અને શોભાયાત્રા તેમજ સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

૨. બાલવા સત્સંગ શિબિર પ્રસંગે ઉનાવા મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બાલવા સત્સંગ શિબિર પ્રસંગે દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા બાલવામાં વ્યસનમુક્તિ રેલી માં યુવાનોને પ્રોત્સાહિત કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.

Jagadish Offset
Praful Kharsani